સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

CURRENT AFFAIRS

**WEEK 51** (18/12/22 to 24/12/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)








JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 18 DEC-2022


- દિવસ મહિમા : 18 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ, વિશ્વ લઘુમતી અધિકાર દિવસ ..... 02
- રાશિદ રોવર (Rashid Rover) ચંદ્ર માટે લોન્ચ કરવામાં આવ્યું ..... 03
- 2022 Global Food Security Index (GFSI) Report ..... 04
- વાયુ પ્રદૂષણ પર વિશ્વ બેંકનો અહેવાલ ..... 05
- QUESTION ANSWERS ..... 07


## 19 DEC-2022


- દિવસ મહિમા : 19 ડિસેમ્બર, ગોવા મુક્તિ દિન ..... 08
- કેરળનાં પાંચ કૃષિ ઉત્પાદનોને GI દરજ્જો મળ્યો ..... 08
- વૈશ્વિક જળ સંસાધન અહેવાલ 2021 : ઘોષ ..... 10
- QUESTION ANSWERS ..... 13


## 20 DEC-2022


- દિવસ મહિમા : 20 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ, (International Human Solidarity Day) ..... 14
- FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022 : આર્જેન્ટિના ચેમ્પિયન ..... 14
- પાણીની કોડ : 2500 વર્ષ જૂની સંસ્કૃત પઝલ ..... 20
- QUESTION ANSWERS ..... 22


## 21 DEC-2022


- INS મોર્મુગાઓને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું ..... 25
- EV Yatra Mobile Application ..... 26
- સંપૂર્ણ જીનોમ સિક્વન્સિંગ (Whole Genome Sequencing) ..... 27
- QUESTION ANSWERS ..... 29


## 22 DEC-2022


- દિવસ મહિમા : 22 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગણિત દિવસ (National Mathamatics Day) ..... 30
- રાષ્ટ્રીય ગોકુલ મિશન ..... 30
- ચાંચિયાગીરી વિરોધી બિલ (Anti-Piracy bill) ..... 32
- QUESTION ANSWERS ..... 34


## 23 DEC-2022


- દિવસ મહિમા : 23 ડિસેમ્બર, કિસાન દિવસ ..... 35
- Group of Friends ..... 37
- વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની અસ્થાયી યાદીમાં ત્રણ સાઈટનો સમાવેશ ..... 38
- QUESTION ANSWERS ..... 41


## 24 DEC-2022


- દિવસ મહિમા : 24 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગ્રાહક દિન (National Consumer Day) ..... 42
- સુશ્રી અંતિમ પંઘલને 'યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર'થી સન્માન આપવામાં આવ્યું ..... 42
- Kalyani Ferresta : ભારતની પ્રથમગ્રીન સ્ટીલ બ્રાન્ડ ..... 43
- QUESTION ANSWERS ..... 44


ONE LINER ..... 45

QUESTION OF THIS WEEK ..... 49


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 18 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ (International Migrants Day) (2) વિશ્વ લઘુમતી અધિકાર દિવસ

### આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ



સમગ્ર વિશ્વમાં 18 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા 4 ડિસેમ્બર, 2000ના રોજ દર વર્ષે 18 ડિસેમ્બરને 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ ઉપરાંત આ દિવસે વર્ષ 1990માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની જનરલ એસેમ્બલી દ્વારા તમામ સ્થળાંતર કામદારો અને તેમના પરિવારના સભ્યોના સંરક્ષણ પર આંતરરાષ્ટ્રીય સંમેલન અપનાવવામાં આવ્યું હતું.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સ્થળાંતર કરનારાઓના અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કરવાનો છે.

### વિશ્વ લઘુમતી અધિકાર દિવસ

ભારત સહિત સમગ્ર વિશ્વમાં વંશીય લઘુમતીઓ માટે સ્વતંત્રતા અને સમાનતાના અધિકારને જાળવી રાખવા અને લઘુમતીઓના સન્માન અંગે જાગૃતિ લાવવા દર વર્ષે 18 ડિસેમ્બરને 'વિશ્વ લઘુમતી અધિકાર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસ વિવિધ વંશીય મૂળના લઘુમતી સમુદાયો દ્વારા સામનો કરવામાં આવતા પડકારો અને સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રીત કરે છે.
- વર્ષ 1992માં 18 ડિસેમ્બરને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'વિશ્વ લઘુમતી અધિકાર દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્રની વ્યાખ્યા મુજબ જે સમુદાયનો સામાજિક, આર્થિક અને રાજકીય રીતે કોઈ પ્રભાવ નથી અને જેની વસતી નહિવત છે તેને લઘુમતી કહેવામાં આવે છે.
- નોંધનીય છે કે ભારતીય બંધારણના અનુચ્છેદ 29, 30, 350A અને 350B માં લઘુમતી શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે પરંતુ તેની વ્યાખ્યા ક્યાંય આપવામાં આવી નથી.
- સંયુક્ત રાષ્ટ્રએ 18 ડિસેમ્બર, 1992ના રોજ ધાર્મિક અથવા વંશીય લઘુમતીઓ સાથે જોડાયેલ વ્યક્તિઓના અધિકારો પર નિવેદન (Statement) અપનાવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં રાષ્ટ્રીય લઘુમતી આયોગ દ્વારા આ દિવસનું આયોજન કરવામાં આવે છે.
- રાષ્ટ્રીય લઘુમતી આયોગની સ્થાપના વર્ષ 1992માં કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય લઘુમતી આયોગ અધિનિયમ હેઠળ કરવામાં આવી હતી.

## રાશિદ રોવર (Rashid Rover) ચંદ્ર માટે લોન્ચ કરવામાં આવ્યું



તાજેતરમાં રાશિદ રોવરને SpaceX Falcon 9 રોકેટથી 11 ડિસેમ્બરના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.

- જો રાશિદ રોવર સફળતાપૂર્વક ઉતરશે તો તે આરબ વિશ્વનું પ્રથમ ચંદ્ર મિશન હશે.
- દુબઈના ભૂતપૂર્વ શાસક સ્વર્ગસ્થ શેખ રાશીદ બિન સઈદ અલ મક્તુમના નામ પરથી આ નામ આપવામાં આવ્યું છે.
- આ રોવર ચંદ્રની સપાટી પર પહોંચવા માટે 3,85,000 કિમીની મુસાફરી કરશે.
- જો તે સફળતાપૂર્વક ઉતરશે તો યુનાઈટેડ આરબ અમીરાત (UAE) ચંદ્ર પર ઉતરનાર ચોથો દેશ બનશે.
- અત્યાર સુધી માત્ર અમેરિકા, રશિયા અને ચીન જ ચંદ્રની સપાટી પર રોબટ મોકલવામાં સફળ રહ્યા છે.
- ચાર પૈડાવાળા રોવરનું વજન માત્ર 10 કિલો છે.
- તે 2017માં શરૂ કરાયેલા પ્રોજેક્ટના ભાગરૂપે મોહમ્મદ બિન રશીદ સ્પેસ સેન્ટર (MBRSC)ના એન્જિનિયરો દ્વારા બનાવવામાં આવ્યું હતું.
- રોવરનું ગંતવ્ય ચંદ્રની મારે ફ્રિગોરિસ સાઈટમાં એટલાસ કેર છે.
- તે બે ઉચ્ચ–રિઝોલ્યુશન કેમેરા, બારીક વિગતો મેળવવા માટે માઈક્રોસ્કોપિક કેમેરા અને થર્મલ ઈમેજિંગ કેમેરાથી સજ્જ છે.
- રોવર લેંગમુઈર પ્રોબ પણ વહન કરશે જે ચંદ્રના પ્લાઝમાનો અભ્યાસ કરશે અને ચંદ્રની ધૂળની ચીકાસ અથવા સ્ટીકનેસ પાછળનું કારણ સમજાવવાનો પ્રયાસ કરશે.

### HAKUTO-R Lander

રાશિદ રોવર હાલમાં HAKUTO-R લેન્ડર પર મુસાફરી કરી રહ્યું છે.

- જેને જાપાન સ્થિત iSpace Inc દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
- UAE સ્વદેશી લેન્ડર બનાવવાની યોજના ન ધરાવતી હોવાથી તેણે જાપાની કંપની iSpace સાથે ચંદ્ર પર ઉતરાણ કરવાની યોજના બનાવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) જાપાનની સ્પેસ સ્ટાર્ટઅપ iSpace Incએ તેના HAKUTO-R મિશન હેઠળ Falcon 9 રોકેટ પર તેમનું ખાનગી લેન્ડર M1 ચંદ્ર પર લોન્ચ કર્યુ છે.

(2) M1 લેન્ડર જાપાનની JAXA સ્પેસ એજન્સીના બે રોબટિક રોવર્સને તૈનાત કરશે એક બે પૈડાવાળું નારંગી આકારનું ઉપકરણ અને બીજુ UAEનું ચાર પૈડાવાળું રાશિદ રોવર.

## 2022 Global Food Security Index (GFSI) Report

તાજેતરમાં બ્રિટિશ સાપ્તાહિક ‘ધ ઈકોનોમિસ્ટ’ દ્વારા ‘2022 ગ્લોબલ ફૂડ સિક્યુરિટી ઈન્ડેક્સ’ (GFSI) રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં દક્ષિણ આફ્રિકાએ ટ્યૂનિશિયાને પાછળ છોડીને આફ્રિકામાં સૌથી વધુ ખોરાક–સુરક્ષિત દેશ બની ગયો છે.

### GFSI રિપોર્ટના મુખ્ય તારણો

### આંચકા માટે નબળાઈ (Vunerability to Shocks)

વૈશ્વિક ખાદ્ય પર્યાવરણ બગડી રહ્યું છે, જે તેને આંચકા(ઝટકા) માટે સંવેદનશીલ બનાવે છે.

- 2012 થી 2015 દરમિયાન વૈશ્વિક ખાદ્ય સુરક્ષામાં નોંધપાત્ર પ્રગતિ કરવામાં આવી હતી. જેમાં એકંદર GFSI સ્કોર 6 ટકા વધ્યો હતો.
- જોકે માળખાકીય પડકારોએ વૈશ્વિક ખાદ્ય પ્રણાલીનો વિકાસ ધીમો કર્યો છે.

### પોષણક્ષમતા

2022માં GFSI તેના બે સૌથી મજબૂત સ્તંભો–પોષણક્ષમતા અને ગુણવત્તા તથા સલામતીના પતનને કારણે પીડાય છે.

- વર્ષ દરમિયાન અન્ય બે સ્તંભો (ઉપલબ્ધતા તથા સ્થિરતા અને કસ્ટમાઈઝેશન)માં નબળાઈ ચાલુ રહી છે.
- પોષણક્ષમતા (ટોપ–સ્કોરિંગ સ્તંભ) મુખ્યત્વે ખાદ્ય ફુગાવામાં તીવ્ર વધારો, વેપારની સ્વતંત્રતામાં ઘટાડો અને ખાદ્ય સુરક્ષા માટે ઓછા ભંડોળને કારણે નીચે ખસી ગઈ છે.

### ખાદ્ય સુરક્ષા અંતરને વધારવું

- 2022માં ટોચના 10 પ્રદર્શન કરનારા દેશોમાંથી 8 યુરોપમાં છે.
- જેમાં ફિનલેન્ડ 83.7ના સ્કોર સાથે ટોચ પર છે.
- ત્યારબાદ આયર્લેન્ડ (81.7 સ્કોર) અને નોર્વે (80.5 સ્કોર) છે.

- આ દેશોએ GFSIના તમામ 4 સ્તંભો પર ઉચ્ચ સ્કોર કર્યો છે.
- ટોપ 10 યાદીમાં નોન–યુરોપિયન દેશો જાપાન અને કેનેડા છે.

### આફ્રિકાનો સૌથી ખાદ્ય-સુરક્ષિત દેશ

દક્ષિણ આફ્રિકા 59માં ક્રમે છે, તેને આફ્રિકામાં સૌથી વધુ ખાદ્ય–સુરક્ષિત દેશ તરીકે ઓળખવામાં આવે છે.

## વાયુ પ્રદૂષણ પર વિશ્વ બેંકનો અહેવાલ

તાજેતરમાં વિશ્વ બેંકે 'સ્વચ્છ હવા માટે પ્રયાસ : દક્ષિણ એશિયામાં વાયુ પ્રદૂષણ અને જાહેર આરોગ્ય'નામનો અહેવાલ બહાર પાડ્યો હતો.

- રિપોર્ટમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે હાલમાં અમલમાં મુકવામાં આવેલી નીતિઓ (મોટાભાગે વર્ષ 2018થી) ચાલુ રાખવાથી પરિણામો મળશે પરંતુ ઈચ્છિત સ્તર સુધી નહીં.

### રિપોર્ટના મુખ્ય તારણો

### એરશેડ (Airsheds)

દક્ષિણ એશિયામાં છ મુખ્ય એરશેડ અસ્તિત્વમાં છે, જ્યાં એકની વાયુ ગુણવત્તા બીજામાં વાયુની ગુણવત્તાને અસર કરે છે, તે આ મુજબ છે :

(1) પશ્ચિમ/મધ્ય ભારત(ઈન્ડો)–ગંગામેદાન(IGP) : જેમાં પંજાબ (પાકિસ્તાન), પંજાબ (ભારત), હરિયાણા, રાજસ્થાનનો ભાગ, ચંદીગઢ, દિલ્હી અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે.

(2) મધ્ય/પૂર્વ IGP : બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બાંગ્લાદેશ

(3) મધ્ય ભારત : ઓડિશા/છત્તીસગઢ

(4) મધ્ય ભારત : પૂર્વીય ગુજરાત/પશ્ચિમ મહારાષ્ટ્ર

(5) ઉત્તરી/મધ્ય સિંધુ નદીના મેદાન : પાકિસ્તાન, અફઘાનિસ્તાનનો ભાગ

(6) દક્ષિણ સિંધુ મેદાન અને આગળ પશ્ચિમ : દક્ષિણ પાકિસ્તાન, પશ્ચિમ અફઘાનિસ્તાન, પૂર્વ ઈરાન સુધી વિસ્તરે છે.

- જ્યારે પવનની દિશા મુખ્યત્વે ઉત્તર–પશ્ચિમથી દક્ષિણ–પૂર્વ તરફ હતી ત્યારે ભારતીય પંજાબમાં 30% વાયુ પ્રદૂષણ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાંથી આવે છે. અને બાંગ્લાદેશના સૌથી મોટા શહેરો (ઢાકા, ચિત્તાગોંગ અને ખુલના) સરેરાશ 30% ભારતમાંથી ઉદ્‌ભવે છે...... કેટલાક વર્ષોમાં નોંધપાત્ર પ્રદૂષણ સરહદોથી બીજી દિશામાં વહેતુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## PM 2.5ના સંપર્કમાં (Exposure to PM 2.5)

હાલમાં <u>60%</u>થી વધુ દક્ષિણ એશિયાનો વાર્ષિક સરેરાશ <u>µg/M3 PM2.5</u>ના સંપર્કમાં આવે છે.

- IGPના કેટલાક ભાગોમાં તે વધીને 100 µg/M3 થઈ ગયું છે, જે WHO દ્વારા ભલામણ કરાયેલ 5 µg/M3ની ઉપલી મર્યાદા કરતા લગભગ 20 ગણુ છે.

## વાયુ પ્રદૂષણના મુખ્ય સ્ત્રોતો

- મોટા ઉદ્યોગો, પાવર પ્લાન્ટ્સ અને વાહનો વાયુ પ્રદૂષણના મુખ્ય સ્ત્રોત છે, પરંતુ દક્ષિણ એશિયામાં આવા અન્ય ઘણા સ્ત્રોતો પણ પ્રદૂષણમાં નોંધપાત્ર ફાળો આપે છે.
- આમાં રસોઈ અને ગરમ કરવા માટે ઘન ઈંધણનું દહન, ઈંટના ભઠ્ઠા જેવા નાના ઉદ્યોગોમાંથી ઉત્સર્જન, મ્યુનિસિપલ અને કૃષિ કચરાને બાળી નાખવા અને અગ્નિ સંસ્કારનો સમાવેશ થાય છે.

**નોંધ :** વિશ્વ બેંક એરશેડને સામાન્ય ભૌગોલિક વિસ્તાર તરીકે વ્યાખ્યાયિત કરે છે જ્યાં પ્રદૂષકો ફસાયેલા છે જે બધા માટે સમાન હવાની ગુણવત્તા બનાવે છે.




1. 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 18 ડિસેમ્બર **(D)**

2. 'વિશ્વ લઘુમતી અધિકાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 18 ડિસેમ્બર **(D)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'રાશિદ રોવર' (Rashid Rover) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. રાશિદ રોવરને SpaceX Falcon 9 રોકેટથી 11 ડિસેમ્બર, 2022ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.
2. દુબઈના ભૂતપૂર્વ શાસક સ્વર્ગસ્થ શેખ રાશીદ બિન સઈદ અલ મક્તુમના નામ પરથી આ રોવરનું નામ રાખવામાં આવ્યું છે.
3. જો આ રોવર ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતરશે તો યુનાઈટેડ આરબ અમીરાત (UAE) ચંદ્રની સપાટી પર ઉતરનાર ચોથો દેશ બનશે.
4. ચાર પૈડાવાળા આ રોવરનું વજન લગભગ 110 કિલો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં કોના દ્વારા '2022 Global Food Security Index'(GFSI)' રિપોર્ટ બહાર પાડ્યો છે ?

(A) World Bank (B) The New World(અમેરિકન સાપ્તાહિક)

(C) The Economist(બ્રિટિશ સાપ્તાહિક) (D) WHO & FAO **(C)**

5. તાજેતરમાં વિશ્વ બેંકે 'સ્વચ્છ હવા માટે પ્રયાસ : દક્ષિણ એશિયામાં વાયુ પ્રદૂષણ અને જાહેર આરોગ્ય' નામનો અહેવાલ બહાર પાડ્યો હતો. આ રિપોર્ટ અનુસાર દક્ષિણ એશિયામાં કેટલા મુખ્ય 'એરશેડ' (Airsheds) અસ્તિત્વમાં છે ?

(A) 5 (B) 6 (C) 7 (D) 12 **(B)**

## દિવસ મહિમા : 19 ડિસેમ્બર, ગોવા મુક્તિ દિન

'ગોવા મુક્તિ દિવસ' દર વર્ષે 19 ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.

- 19 ડિસેમ્બર, 1961ના રોજ ગોવા પોર્ટુગલ પાસેથી મુક્ત થયું હતું.
- 19 ડિસેમ્બર, 1961ના રોજ ભારતીય આર્મીએ 'ઓપરેશન વિજય' કોડ નેઈમથી એક સૈન્ય ઓપરેશન હાથ ધરીને ગોવા, દમણ અને દીવને પોર્ટુગીઝો પાસેથી મુક્ત કરાવ્યા હતા.
- આથી, દર વર્ષે 19 ડિસેમ્બર 'ગોવા મુક્તિ દિન' તરીકે ઉજવાય છે.




## કેરળનાં પાંચ કૃષિ ઉત્પાદનોને GI દરજ્જો મળ્યો

તાજેતરમાં કેરળના પાંચ કૃષિ ઉત્પાદનો અટ્ટાપડી અટ્ટુકોમ્બુ અવારા, અટ્ટાપડી થુવારા, ઓનાટ્ટુકારા એલુ, કંથલ્લુર–વટ્ટાવદા વેલુથુલ્લી અને કોડુંગલ્લુર પોટ્ટુવેલરીને ભૌગોલિક સંકેત (GI) દરજ્જો આપવામાં આવ્યો છે.

- આ ઉપરાંત આસામના ગામોસા (પરંપરાગત કાપડ), મહારાષ્ટ્રની અલીબાગ સફેદ ડુંગળી, લદ્દાખના રક્તસે કાર્પો જરદાળુ અને તેલંગાણાના તંદુર લાલગ્રામને પણ તાજેતરમાં GI ટેગ આપવામાં આવ્યો છે.

### નવા મળેલા GI ટેગ વિશે

### અટ્ટાપડી અટ્ટુકોમ્બુ અવારા (બીન્સ)

તે પલક્કડના અટ્ટપ્પડી પ્રદેશમાં ઉગાડવામાં આવે છે.

- તેના નામ પ્રમાણે તે બકરીના શિંગડા જેવું વળેલું છે.
- અન્ય ડોલીચોસ કઠોળની તુલનામાં તેની ઉચ્ચ એન્થોક્યાનિન સામગ્રી દાંડી અને ફળને જાંબલી રંગ આપે છે.
- એન્થોક્યાનિન તેના એન્ટિડાયાબિટીક ગુણધર્મો સાથે હૃદય રોગ સામે મદદરૂપ છે.
- અટ્ટાપડી અટ્ટકોમ્બ અવારાની ઉચ્ચ ફિનોલિક સામગ્રી જીવાતો અને રોગો સામે પ્રતિકાર પ્રદાન કરે છે, જે પાકને જૈવિક ખેતી માટે યોગ્ય બનાવે છે.
- આ ઉપરાંત તેમાં કેલ્શિયમ, પ્રોટીન અને ફાઈબરનું પ્રમાણ પણ વધુ હોય છે.

### અટ્ટાપડી થુવારા (લાલ ચણા)

તેના બીજ સફેદ આવરણથી ઢંકાયેલા હોય છે. એટલે કે તેમાં સફેદ કોટવાળા બીજ હોય છે.

- અન્ય લાલ ચણાની તુલનામાં અટ્ટાપડી થુવારામાં મોટા બીજ અને બીજનું વજન વધારે હોય છે.
- આ સ્વાદિષ્ટ લાલ ચણા જેનો ઉપયોગ શાકભાજી અને લાલ દાળ તરીકે થાય છે.
- તે પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ફાઈબર, કેલ્શિયમ અને મેગ્નેશિયમથી ભરપૂર હોય છે.

## ઓનાટ્ટુકારા એલુ (તલ)

ઓનાટ્ટુકારા એલુ (Onattukara Ellu) અને તેનું તેલ તેમના અનોખા સ્વાસ્થ્ય લાભો માટે પ્રખ્યાત છે.

- ઓનાટ્ટુકારા એલુમાં પ્રમાણમાં ઉચ્ચ એન્ટીઓક્સિડન્ટ સામગ્રી મુક્ત રેડિકલ સામે લડવામાં મદદ કરે છે, જે શરીરના કોષોનો નાશ કરે છે.
- ઉપરાંત અસંતૃપ્ત ચરબીની ઉચ્ચ સામગ્રી તેને હૃદયના દર્દીઓ માટે ફાયદાકારક બનાવે છે.

## કંથલ્લુર-વટ્ટાવદા વેલુથુલ્લી (લસણ)

કંથલ્લુર–વટ્ટાવદા(વટ્ટાવડા) વેલુથલ્લી એ અન્ય પ્રદેશોમાં ઉત્પાદિત લસણની તુલનામાં આ લસણમાં સલ્ફાઈડ, ફ્લેવોનોઈડ્સ પ્રોટીનનું પ્રમાણ વધુ છે.

- તે એલિસિનથી સમૃદ્ધ છે જે માઈક્રોબાયલ ચેપ, બ્લડશુગર, કેન્સર વગેરે સામે અસરકારક છે.

## કોડુંગલ્લુર પોટ્ટુવેલરી

તે કોડુન્ગલૂરમાં ઉગાડવામાં આવે છે અને એર્નાકુલમના કેટલાક ભાગોને રસ તરીકે અને અન્ય સ્વરૂપોમાં પીવામાં આવે છે.

- આ એક જાતનું તરબૂચ ઉનાળામાં લણવામાં આવે છે, તરસ છીપાવવા માટે ઉત્તમ છે.
- તેમાં વિટામિન-Cનું પ્રમાણ વધુ હોય છે.
- અન્ય કાકડીઓની તુલનામાં કોડુંગલ્લુર પોટ્ટુવેલ્લરીમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફાઈબર અને ચરબીની સામગ્રી જેવા પોષક તત્વો પણ વધુ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અન્યને આપવામાં આવેલ GI ટેગ

તાજેતરમાં કેરળના પાંચ કૃષિ ઉત્પાદનો ઉપરાંત અન્યને GI ટેગ આપવામાં આવ્યો છે તે નીચે મુજબ છે :

(1) આસામના ગામોચા

(2) તેલંગાણાના તેંદુર લાલગ્રામ

(3) લદ્દાખના રક્તસે કાર્પો જરદાળુ, અને

(4) મહારાષ્ટ્રની અલીબાગ સફેદ ડુંગળી

નોંધ: (1) ગામોચાનો શાબ્દિક અર્થ થાય છે ટુવાલ અને લાલ કિનારીઓ અને વિવિધ ડિઝાઈન અને રૂપરેખા સાથે તે હાથથી વણાયેલ લંબચોરસ સુતરાઉ કાપડનો ટુકડો છે.

(2) તે પરંપરાગત રીતે વડીલો અને મહેમાનોને આસામી લોકો દ્વારા આદર અને સન્માનમાં તેને આસામની ઓળખ અને ગૌરવ તરીકે ઓળખવામાં આવે છે. તે આસામની સંસ્કૃતિ અને ઓળખનું પ્રતિક છે.

## GI Tag

**GI Tagનું પૂરું નામ <u>'Geographical Indication'</u> <u>(ભૌગોલિક સંકેત)</u> <u>GI Tag</u> છે.**

- GI ટેગ એ કોઈ વિશિષ્ટ ઓળખ ધરાવતી પ્રોડક્ટને આપવામાં આવતું એક ચિહ્ન છે.
- કોઈ ચોક્કસ વિસ્તારમાં (ગામ, શહેર, ક્ષેત્ર, પ્રદેશમાં) ઉત્પન્ન થતી અથવા તો બનાવવામાં આવતી પરંપરાગત, ઉચ્ચ ગુણવત્તા ધરાવતી અને પ્રતિષ્ઠિત પ્રોડક્ટને આ ચિહ્ન આપવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ વખત <u>પશ્ચિમ બંગાળ</u>ની <u>દાર્જીલિંગ ચાને</u> GI Tag આપવામાં આવ્યો હતો.
- જ્યારે ગુજરાતમાંથી સૌપ્રથમ વખત <u>સંખેડા ફર્નિચરને</u> આ ટેગ આપવામાં આવ્યો હતો.
- ભારતમાં ભૌગોલિક સંકેતોની નોંધણી <u>'Geographical Indication of Goods (Registration and Protection) Act, 1999'</u> દ્વારા નિયંત્રિત થાય છે.
- આ ભૌગોલિક સંકેતની નોંધણી <u>10 વર્ષના સમયગાળા</u> માટે માન્ય હોય છે.

## વૈશ્વિક જળ સંસાધન અહેવાલ 2021 : WMO

તાજેતરમાં <u>WMO (વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન)</u>એ તેનો પ્રથમ વાર્ષિક <u>'સ્ટેટ ઓફ ગ્લોબલ વોટર રિસોર્સિસ રિપોર્ટ 2021' (State of Global Water Resources Report 2021)</u> બહાર પાડ્યો છે.

### રિપોર્ટ વિશે

આ વાર્ષિક અહેવાલનો ઉદ્દેશ્ય વધતી માંગ અને મર્યાદિત પુરવઠાના યુગમાં વૈશ્વિક તાજા પાણીના સંસાધનોની દેખરેખ અને સંચાલનને સમર્થન આપવાનો છે.




- આ અહેવાલ <u>ત્રણ મુખ્ય ક્ષેત્રો</u> પર ધ્યાન કેન્દ્રિત કરે છે :

(1) સ્ટ્રીમ ફ્લો (ધારા પ્રવાહ) : કોઈપણ સમયે નદીની ચેનલમાંથી વહેતા પાણીનો જથ્થો

(2) સ્થળીય જળ સંગ્રહ (Terrestrial Water Storage-TWS) : જમીનની સપાટી પર અને પેટા સપાટી પરના તમામ પાણીનો જથ્થો.

(3) હિમમંડળ/ગ્લેશિયર (સ્થિરપાણી)

### રિપોર્ટના મુખ્ય તારણો

2001 અને 2018ની વચ્ચે <u>UN-Water</u>એ અહેવાલ આપ્યો કે તમામ કુદરતી આફતોમાંથી <u>74%</u> પાણી સંબંધિત હતી.

- તાજેતરના યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ, ઈજિપ્તમાં COP27એ સરકારોને અનુકૂલનના પ્રયત્નોમાં પાણીને એકીકૃત કરવા વિનંતી કરી હતી. COPમાં પાણીના મહત્વનો પ્રથમ વખત પરિણામ દસ્તાવેજોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.
- 3.6 અબજ લોકો દર વર્ષે ઓછામાં ઓછા એક મહિને પાણીની અપૂરતી એક્સેસ ધરાવે છે અને 2050 સુધીમાં આ વધીને પાંચ અબજથી વધુ થવાની ધારણા છે.
- 2021માં વિશ્વના મોટા વિસ્તારોમાં સામાન્ય કરતા વધુ સૂકી સ્થિતિ નોંધાવવામાં આવી હતી, જે એક એવું વર્ષ હતું જેમાં વરસાદની પેટર્ન આબોહવા પરિવર્તન અને લા–નીના ઘટનાથી પ્રભાવિત હતી.
- 30 વર્ષની હાઈડ્રોલોજિકલ એવરેજની સરખામણીમાં નીચે–સરેરાશ પ્રવાહ સાથેનો વિસ્તાર ઉપરના–સરેરાશ વિસ્તાર કરતા લગભગ બે ગણો મોટો હતો.

## પ્રદેશ મુજબનો પ્રવાહ

- દુષ્કાળ : જે વિસ્તારો અસામાન્ય રીતે શુષ્ક હતા તેમાં દક્ષિણ અમેરિકાના રિયો ડે લા પ્લાટા વિસ્તારનો સમાવેશ થાય છે, જ્યા 2019થી સતત દુષ્કાળની અસર આ પ્રદેશ પર પડી રહી છે.
- સામાન્યથી નીચે : આફ્રિકામાં નાઈજર, વોલ્ટા, નાઈલ અને કોંગો જેવી મોટી નદીઓમાં 2021માં પાણીનો પ્રવાહ સરેરાશ કરતા ઓછો હતો. રશિયા, પશ્ચિમ સાઈબિરિયા અને મધ્ય એશિયાના ભાગોમાં નદીઓમાં સમાન વલણ જોવા મળ્યું હતું.
- સામાન્યથી ઉપર : બીજી બાજુ ઉત્તર અમેરિકાના કેટલાક બેસિન, ઉત્તરીય એમેઝોન અને દક્ષિણ આફ્રિકા તેમજ ચીનની અમૂર નદીનો તટપ્રદેશ અને ઉત્તર ભારતમાં નદીના પાણીનું સ્તર સામાન્ય કરતા વધુ હતું.

## સ્થળીય આવરણ/પાર્થીવ આવરણ

- સામાન્યથી નીચે : નદી પ્રવાહની ભિન્નતા સિવાય યુનાઈટેડ સ્ટેટ્સના પશ્ચિમ કિનારે, મધ્ય દક્ષિણ અમેરિકા અને પેટાગોનિયા, ઉત્તર આફ્રિકા અને મેડાગાસ્કર, મધ્ય એશિયા અને મધ્યપૂર્વ, પાકિસ્તાન અને ઉત્તર ભારતમાં એકંદરે પાર્થીવ જળ સંગ્રહને સામાન્ય કરતા નીચે વર્ગીકૃત કરવામાં આવ્યું હતું.
- સામાન્યથી ઉપર : મધ્ય આફ્રિકા, ઉત્તર દક્ષિણ અમેરિકા ખાસ કરીને એમેઝોન બેસિન અને ઉત્તર ચીનમાં તે સામાન્ય કરતા વધુ હતું.

## હિમમંડળ/ગ્લેશિયર

પર્વતોને ઘણીવાર કુદરતી 'વોટર ટાવર્સ' કહેવામાં આવે છે. કારણ કે તે અંદાજિત 1.9 અબજ લોકો માટે નદીઓ અને તાજા પાણીના પુરવઠાનો સ્ત્રોત છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- હિમનદી જળ સંસાધનોમાં થતા ફેરફારો ખાદ્ય સુરક્ષા, માનવ સ્વાસ્થ્ય, ઈકોસિસ્ટમની અખંડિતતા અને જાળવણીને અસર કરે છે. અને આર્થિક અને સામાજિક વિકાસ પર નોંધપાત્ર અસરો તરફ દોરી જાય છે.


## ભારતીય દૃશ્ય

- ગ્લોબલ વોર્મિંગની અસરો પૂર્વ પાકિસ્તાન, ઉત્તર ભારત, દક્ષિણ નેપાળ અને બાંગ્લાદેશમાં ફેલાયેલા ઈન્ડો–ગંગાના મેદાનો (IGP)માં જોઈ શકાય છે.
- વર્ષ 2021માં કુલ જળસંગ્રહમાં ઘટાડો થયો હોવા છતા ગંગા–બ્રહ્મપુત્રા અને સિંધુ બેસિનોએ ગ્લેશિયર્સ ઓગળવાને કારણે તેમની નદીઓના પ્રવાહમાં વધુ પાણીનો પ્રવાહ નોંધાયો હતો.
- આ ખૂબ જ ચિંતાજનક બાબત છે કારણ કે ઈન્ડો–ગંગાના મેદાનો (IGP) ચાર દેશોમાં લગભગ અડધા અબજ લોકોને મદદ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ: (1) વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન(WMO) એ 193 સભ્ય દેશો અને પ્રદેશોના સભ્યપદ સાથેનું આંતર–સરકારી સંગઠન છે. ભારત WMOનું સભ્ય છે.

(2) WMOનું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં આવેલું છે.

1. ભારતમાં દર વર્ષે 'ગોવા મુક્તિ દિન' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 ડિસેમ્બર (B) 19 ડિસેમ્બર (C) 20 ડિસેમ્બર (D) 21 ડિસેમ્બર (B)

2. ગોવા, દમણ અને દીવને પોર્ટુગીઝો પાસેથી મુક્ત કરવા માટે ભારતીય સેના દ્વારા 1961માં કયું સૈન્ય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?

(A) ઓપરેશન વિજય (B) ઓપરેશન પ્રહાર

(C) ઓપરેશન બુદ્ધા (D) ઓપરેશન રાજતિલક (A)

3. ગોવા, દમણ અને દીવ પોર્ટુગીઝોના શાસનમાંથી કયારે મુક્ત થયા હતા ?

(A) 19 માર્ચ, 1961 (B) 19 એપ્રિલ, 1961

(C) 19 જૂન, 1961 (D) 19 ડિસેમ્બર, 1961 (D)

4. નીચે આપેલ કેરળ રાજ્યના કૃષિ ઉત્પાદનો ધ્યાનથી વાંચો :

1. અટ્ટાપડી અટ્ટુકોમ્બુ અવારા
2. અટ્ટાપડી થુવારા
3. કંથલ્લુર વટ્ટવદા (વટ્ટવડા) વેલુથુલ્લી
4. કોડુગલ્લુર પોટ્ટુવેલરી
5. ઓન્નાટ્ટુકારા એલુ

તાજેતરમાં ઉપરોક્ત ઉત્પાદનોમાંથી કોને ભૌગોલિક સંકેત (GI) દરજ્જો આપવામાં આવ્યો છે.

(A) 1, 3, 4 (B) 1, 4, 5 (C) 3, 4, 5 (D) 1, 2, 3, 4, 5 (D)

5. તાજેતરમાં કયા રાજ્યના 'ગામોચા' (પરંપરાગત કાપડ)ને GI ટેગ મળ્યો છે ?

(A) આસામ (B) ઉત્તરાખંડ (C) રાજસ્થાન (D) મહારાષ્ટ્ર (A)

6. તાજેતરમાં કોણે 'સ્ટેટ ઓફ ગ્લોબલ વોટર રિસોર્સિસ રિપોર્ટ 2021' (State of Global Water Resources Report 2021) બહાર પાડ્યો છે ?

(A) ILO (B) WMO (C) WHO (D) NITI Ayog (B)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 20 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ (International Human Solidarity Day)



સમગ્ર વિશ્વમાં 20 ડિસેમ્બરના રોજ '<u>આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ</u>'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આ દિવસની ઉજવણી માટે <u>22 ડિસેમ્બર, 2005ના</u> રોજ ઠરાવ પસાર કર્યો હતો.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ગરીબી નાબૂદ કરવાનો, રોગોથી મુક્ત કરવા અને વિવિધતામાં એકતાનું મહત્વ સમજાવવાનો છે.

## FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022 : આર્જેન્ટિના ચેમ્પિયન

<u>FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022</u>ની ફાઈનલ મેચમાં ફ્રાન્સને પરાજય આપીને <u>આર્જેન્ટિના</u>એ આ વર્લ્ડ કપ જીતી લીધો છે.

- આર્જેન્ટિના અને ફ્રાન્સ વચ્ચેની આ ફાઈનલ મેચ <u>18 ડિસેમ્બર, 2022ના</u> રોજ કતારના લુસેલમાં આવેલ '<u>લુસેલ સ્ટેડિયમ' (Lusail Stadium)</u> પર યોજાઈ હતી.
- જેમાં આર્જેન્ટિના ફૂટબોલ વર્લ્ડ કપમાં <u>ત્રીજી વખત</u> ચેમ્પિયન બન્યું છે.

ICE COMPETITIVE EXAMS



- આર્જેન્ટિનાએ આ અગાઉ 1978 અને 1986માં વર્લ્ડ કપ જીત્યો હતો.
- આ સાથે આર્જેન્ટિના 36 વર્ષ બાદ વર્લ્ડકપ વિજેતા બન્યું છે.
- આ અગાઉ ફૂટબોલ વર્લ્ડ કપ 2018માં ફ્રાન્સ ચેમ્પિયન બન્યું હતું.

## સેમી ફાઈનલ

આ ફૂટબોલ વર્લ્ડ કપની સેમી ફાઈનલમાં નીચેની ચાર ટીમોએ પ્રવેશ કર્યો હતો :

(1) આર્જેન્ટિના (2) ક્રોએશિયા (3) ફ્રાન્સ અને (4) મોરોક્કો

- જેમાં આર્જેન્ટિનાએ ક્રોએશિયાને પરાજય આપ્યો હતો.
- તથા ફ્રાન્સે મોરક્કોને પરાજય આપ્યો હતો.

## ત્રીજા નંબર માટેની મેચ

આ ફૂટબોલ વર્લ્ડકપમાં ત્રીજા સ્થાન માટે સેમિ ફાઈનલ મેચમાં પરાજિત થયેલ ક્રોએશિયા અને મોરોક્કો વચ્ચે રમાઈ હતી.

- જેમાં ક્રોએશિયાએ મોરક્કોને 2-1થી પરાજય આપ્યો હતો.
- આ વર્લ્ડ કપમાં પ્રથમ ચાર ટીમો ક્રમશ: આ પ્રમાણે છે :

(1) આર્જેન્ટિના (2) ફ્રાન્સ (3) ક્રોએશિયા (4) મોરક્કો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી

| ક્રમ | નામ | દેશ | ગોલ |
|---|---|---|---|
| 1 | શ્રી કિલિયન એમ્બાપ્પે | ફ્રાન્સ | 8 |
| 2 | શ્રી લિયોનેલ મેસ્સી | આર્જેન્ટિના | 7 |
| 3 | શ્રી ઓલિવર ગીરોડ | ફ્રાન્સ | 4 |
| | શ્રી જુલિયન આલ્વારેઝ | આર્જેન્ટિના | 4 |

## સૌથી વધુ ગોલ કરનાર ટીમ

| ક્રમ | દેશ | ગોલ |
|---|---|---|
| 1 | ફ્રાન્સ | 16 |
| 2 | આર્જેન્ટિના | 15 |
| 3 | ઈંગ્લેન્ડ | 13 |

## ફૂટબોલ વર્લ્ડ કપ 2022 એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | વિશેષતા/શા માટે આપવામાં આવે છે ? | વિજેતા | દેશ |
|---|---|---|---|---|
| 1. | ગોલ્ડન બૂટ | વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરવા બદલ | શ્રી કિલિયન એમ્બાપ્પે | ફ્રાન્સ |
| 2. | ગોલ્ડન બોલ | પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટને અપાતો એવોર્ડ | શ્રી લિયોનેલ મેસ્સી | આર્જેન્ટિના |
| 3. | ગોલ્ડન ગ્લોવ્ઝ | વર્લ્ડ કપના શ્રેષ્ઠ ગોલકિપરને અપાતો એવોર્ડ | શ્રી એમિલિયાનો માર્ટીનેઝ | આર્જેન્ટિના |
| 4. | બેસ્ટ યંગ પ્લેયર | વર્લ્ડ કપના શ્રેષ્ઠ યુવા ખેલાડીને અપાતો એવોર્ડ | શ્રી એન્ઝો ફર્નાન્ડીઝ | આર્જેન્ટિના |
| 5. | ફેર પ્લે એવોર્ડ | વર્લ્ડ કપના સૌથી ઓછા યલો કાર્ડ મેળવનાર ટીમને અપાતો એવોર્ડ | ઈંગ્લેન્ડ | ઈંગ્લેન્ડ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફૂટબોલ વર્લ્ડકપ 2022 વિશે કેટલીક અગત્યની માહિતી

- ફિફા વર્લ્ડ કપ 2022ની ફાઈનલ મેચમાં બંન્ને ટીમ 3-3થી સમકક્ષ રહેતા પેનલ્ટી શૂટઆઉટ મારફત ફેંસલો કરવામાં આવ્યો હતો.
- જેમાં પેનલ્ટી શૂટઆઉટમાં આર્જેન્ટિનાએ ફ્રાન્સને 4-2થી પરાજય આપ્યો હતો.
- ફિફા વર્લ્ડ કપ 2022માં 64 મેચોમાં કુલ 172 ગોલ કરવામાં આવ્યા હતા.
- ફિફા વર્લ્ડ કપ 2022 એ વર્લ્ડકપની 22મી આવૃત્તિ હતી.
- ફિફા વર્લ્ડ કપ 2022માં કુલ 32 ટીમોએ ભાગ લીધો હતો.
- ફિફા-2022ની ફાઈનલ મેચમાં ફ્રાન્સ સામે પ્રથમ ગોલ ફટકારવાની સાથે જ ફિફાના દરેક રાઉન્ડ–રાઉન્ડ ઓફ 16, ક્વાર્ટર ફાઈનલ, સેમી ફાઈનલ અને ફાઈનલમાં ગોલ ફટકારનારો લિયેનોલ મેસ્સી વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે.

- ફાઈનલમાં ઉતરવાની સાથે જ શ્રી લિયેનોલ મેસ્સીના નામે એક મોટો રેકોર્ડ નોંધાઈ ગયો છે. તે વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ 26 મેચ રમનારો ખેલાડી બન્યો છે. તેમણે આ બાબતે પૂર્વ દિગ્ગજ લોથર મથાઉસને પાછળ મૂક્યા છે. તેમણે 25 મેચ રમી હતી.
- વર્લ્ડ કપ વિજેતા ટીમને કુલ 347 કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું છે, જ્યારે રનર્સ અપ ટીમને 248 કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું છે.
- તથા ત્રીજી નંબરે રહેલી ટીમને 223 કરોડ રૂપિયા અને ચોથા નંબર પર રહેલી ટીમને 206 કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું છે.
- આર્જેન્ટિનાના કેપ્ટનનું નામ શ્રી લિયેનોલ મેસ્સી છે.
- જ્યારે ફ્રાન્સની ટીમના કેપ્ટનનું નામ શ્રી હ્યુગો લોરિસ છે.

**નોંધ :** (1) ફૂટબોલ (ઉપરાંત પોલો અને હોકી)ની રમતનું મેદાન ફિલ્ડ તરીકે ઓળખાય છે.
(2) ફૂટબોલ (ઉપરાંત ક્રિકેટ અને હોકી)ની રમતમાં એક ટીમમાં 11 ખેલાડીઓ હોય છે.
(3) ફૂટબોલ વર્લ્ડ કપને 'FIFA વર્લ્ડ કપ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
(4) ફિફા દ્વારા ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવે છે.

## વર્ષ 2022માં ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન

- વર્ષ 2022માં 20 નવેમ્બરથી 18 ડિસેમ્બર 2022 દરમિયાન કતાર ખાતે ફૂટબોલ વર્લ્ડ કપ 2022નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ દરમિયાન કતારના પાંચ શહેરોના આઠ સ્થળોએ આ ફૂટબોલ વર્લ્ડ કપની વિવિધ મેચ યોજાઈ હતી.
- જેમાંથી ફૂટબોલ વર્લ્ડ કપ 2022ની પ્રથમ મેચ કતાર અને એક્વાડોર વચ્ચે કતારના અલ ખોર શહેરમાં આવેલ અલ બાયાત સ્ટેડિયમમાં યોજાઈ હતી.




- આ વર્લ્ડ કપની ફાઈનલ મેચ 18 ડિસેમ્બર, 2022ના રોજ કતારના લુસેલ શહેરના લુસેલ સ્ટેડિયમમાં આર્જેન્ટિના અને ફ્રાન્સ વચ્ચે યોજાઈ હતી.
- આ ટુર્નામેન્ટમાં કુલ 32 ટીમોએ ભાગ લીધો હતો.
- આરબ વિશ્વમાં પ્રથમ વખત ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું હતું.
- એશિયામાં આયોજિત આ બીજો ફૂટબોલ વર્લ્ડ કપ છે. જાપાન અને કોરિયાએ વર્ષ 2002માં પ્રથમ વખત ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન કર્યું હતું.

## ફિફા વર્લ્ડ કપનો સત્તાવાર બોલ




ફિફા વર્લ્ડ કપ 2022ના સત્તાવાર બોલનું નામ 'અલ–રિહલા' (Al Rihla) રાખવામાં આવ્યું હતું.

- અલ–રિહલાનો અર્થ યાત્રા/સફર થાય છે.
- અલ–રિહલા એ 14મી સદીના સંશોધક ઈબ્ન બતુતા દ્વારા લખાયેલા પ્રવાસવર્ણનનો સંદર્ભ આપે છે.
- તેનું નિર્માણ પાણી આધારિત શાહી અને ગુંદરથી કરવામાં આવ્યું છે.
- ફિફાના જણાવ્યા અનુસાર અલ રિહલા વર્લ્ડકપના ઈતિહાસમાં અન્ય બોલની સરખામીમાં વધારે ફાસ્ટ છે. તેને એડીડાસ કંપનીએ બનાવ્યો છે.
- કતાર પહેલા ફિફાની યજમાની રશિયા પાસે હતી. આથી તેમણે ફૂટબોલનું નામ 'Tel Star 18' રાખ્યું હતું.

નોંધ : (1) ફિફા વર્લ્ડ કપમાં પ્રથમ વખત સેમી–ઓટોમેટેડ ઓફસાઈડ ટેક્નોલોજી (SAOT) અને કનેક્ટેડ બોલ્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(2) પ્રથમ ફિફા વર્લ્ડ કપ (1930)માં કોઈ સત્તાવાર બોલ ન હતો અને બે ફાઈનાલિસ્ટ ઉરુગ્વે (ટી મોડલ બોલ) અને આર્જેન્ટિના (ટિ એન્ટો) પોતાના બોલ લાવ્યા હતા.

(3) વિશ્વના બે તૃતીયાંશથી વધુ ફૂટબોલ પાકિસ્તાનમાં બને છે અને સિયાલકોટ એક મુખ્ય ઉત્પાદન કેન્દ્ર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફિફા વર્લ્ડ કપ 2022નું સત્તાવાર માસ્કોટ




FIFA વર્લ્ડ કપ 2022નું સત્તાવાર માસ્કોટ 'La'eeb' હતું.

- અરબી ભાષામાં La'eebનો અર્થ સુપર–કુશળ ખેલાડી થાય છે.

## FIFA

FIFAનું પૂરું નામ 'ફેડરેશન ઈન્ટરનેશનલ ડે ફૂટબોલ એસોસિએશન' છે.

- FIFA એ ફૂટબોલ, ફૂટસલ (Futsal) અને બીચ સોકર (Beach Soccer)નું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
- FIFAનું વડુમથક સ્વિત્ઝર્લેન્ડના ઝુરિચ ખાતે આવેલું છે.
- FIFAના વર્તમાન અધ્યક્ષ શ્રી જિયાન્ની ઈન્ફન્ટિનો છે.

## ફૂટબોલ વર્લ્ડ કપનો ઈતિહાસ

ફૂટબોલ વર્લ્ડકપનો પ્રારંભ ઈ.સ.1930થી થયો હતો.

- ઈ.સ.1930 થી દર ચાર વર્ષે આ ટુર્નામેન્ટ યોજાય છે.
- જોકે વર્ષ 1942 અને 1946માં બીજા વિશ્વયુદ્ધને કારણે આ વર્લ્ડકપ મોકૂફ રાખવામાં આવ્યો હતો.
- ઈ.સ. 1930માં સૌપ્રથમ વખત ઉરુગ્વેમાં આ વર્લ્ડ કપ યોજાયો હતો. જેમાં આર્જેન્ટિનાને પરાજય આપીને યજમાન ઉરુગ્વે વિજેતા બન્યું હતું.
- છેલ્લે વર્ષ 2018માં રશિયા ખાતે 21મો વર્લ્ડ કપ યોજાયો હતો. જેમાં ક્રોએશિયાને પરાજય આપીને ફ્રાન્સ વિજેતા બન્યું હતું.
- હવે પછી વર્ષ 2026માં કેનેડા, મેક્સિકો અને અમેરિકામાં 23મો વર્લ્ડ કપ યોજાશે.

## ફૂટબોલ વર્લ્ડ કપ

| ક્રમ | વર્ષ | યજમાન દેશ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|---|
| પ્રથમ | 1930 | ઉરુગ્વે | ઉરુગ્વે | આર્જેન્ટિના |
| 20મો | 2014 | બ્રાઝિલ | જર્મની | આર્જેન્ટિના |
| 21મો | 2018 | રશિયા | ફ્રાન્સ | ક્રોએશિયા |
| 22મો | 2022 | કતાર | આર્જેન્ટિના | ફ્રાન્સ |
| 23મો | 2026 | કેનેડા, મેક્સિકો, અમેરિકા | – | – |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફૂટબોલ વર્લ્ડ કપ વિજેતા દેશો

ડિસેમ્બર 2022 સુધીમાં કુલ 22 વખત ફૂટબોલ વર્લ્ડ કપ યોજાયો છે.

- જેમાં સૌથી વધુ પાંચ વખત બ્રાઝિલે આ વર્લ્ડ કપ જીત્યો છે.

## ફૂટબોલ વર્લ્ડ કપ વિજેતા દેશો

| ક્રમ | દેશનું નામ | કેટલી વખત ફૂટબોલ વર્લ્ડ કપ જીત્યો છે? |
|---|---|---|
| 1 | બ્રાઝિલ | 5 |
| 2 | જર્મની, ઈટાલી | 4 |
| 3 | આર્જેન્ટિના | 3 |
| 4 | ઉરુગ્વે, ફ્રાન્સ | 2 |
| 5 | ઈંગ્લેન્ડ, સ્પેન | 1 |

**નોંધ :** (1) FIFA વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીનું નામ મિરોસ્લાવ ક્લોઝ (જર્મની) છે. તેમણે સૌથી વધુ 16 ગોલ કર્યા છે.

(2) જ્યારે મિરોસ્લાવ ક્લોઝ બાદ બીજા નંબરે બ્રાઝિલના રોનાલ્ડો (અથવા રોનાલ્ડો લુઈસ નાઝારિયો દે લિમા) છે. તેમણે ફૂટબોલ વર્લ્ડ કપમાં કુલ 15 ગોલ કર્યા છે.

(3) FIFA ફૂટબોલ વર્લ્ડ કપમાં ભારતે અત્યાર સુધીમાં એકેય વખત ભાગ લીધો નથી.

(4) સામાન્ય રીતે એપ્રિલથી જુલાઈમાં વર્લ્ડ કપનું આયોજન થાય છે પરંતુ પ્રથમ વખત 2022નો કતાર વર્લ્ડ કપ નવેમ્બર–ડિસેમ્બરમાં યોજાયો હતો.

(5) કતારમાં ગરમી વધારે પડતી હોવાથી સારા વાતાનુકૂલિત માટે નવેમ્બર–ડિસેમ્બરમાં આ વર્લ્ડકપ યોજાયો હતો.

(6) 1930 થી 1970 દરમિયાન આપવામાં આવેલ ટ્રોફી કપ જુલ્સ રિમેટ ટ્રોફી હતી. જેનું નામ ફ્રેન્ચ વ્યક્તિના નામ પરથી રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ 1970માં સ્પર્ધા માટે FIFA વર્લ્ડ કપ નામની નવી ટ્રોફી રજૂ કરવામાં આવી હતી.

## પાણીની કોડ : 2500 વર્ષ જૂની સંસ્કૃત પઝલ

બ્રિજ યુનિવર્સિટીના પીએચડી સ્ટુડન્ટ ડૉ. ઋષિ રાજ પોપટે 2500 વર્ષ જૂના અષ્ટાધ્યાયીમાં વ્યાકરણની સમસ્યાનું સમાધાન કર્યું છે.



- તેમણે 'In Panini, We Trust : Discovering the Algorithm for Rule Conflict Resolution in the Astadhyayi' શિર્ષકથી એક થીસીસ બહાર પાડ્યું હતું.
- આ થીસસએ એવી સમસ્યા ડીકોડ કરી છે જે સદીઓથી સંસ્કૃત વિદ્વાનો માટે મુશ્કેલીનું કારણ બની રહ્યું હતું.
- અષ્ટાધ્યાયી પાણીનીની સૌથી મહત્વપૂર્ણ કૃતિઓમાની એક છે. તે એક વ્યાકરણ છે જે અનિવાર્યપણે સંસ્કૃતની પ્રાચીન ભાષાને વ્યાખ્યાયિત કરે છે.
- તેમાં 8 અધ્યાયમાં લગભગ 4000 સુત્રો છે. (કેટલાક સ્ત્રોત મુજબ 3,959) આ દરેક પ્રકરણ ચાર વિભાગમાં વહેંચાયેલુ છે.
- અષ્ટાધ્યાયીમાં મૂળભૂત શબ્દોમાંથી નવા શબ્દો બનાવવાના નિયમો છે.

**નોંધ :** (1) પાણીની એક પ્રસિદ્ધ સંસ્કૃત વિદ્વાન, ભાષાશાસ્ત્રી અને વ્યાકરણશાસ્ત્રી છે. તેઓ 5મી સદી ઈ.સ. પૂર્વેની આસપાસ ભારતમાં રહેતા હતા.

(2) આ થિસિસમાં શ્રી ઋષિ રાજપોપટે મેટારુલના પરંપરાગત અર્થઘટનને નકારી કાઢ્યું હતું. અને દલીલ કરી હતી કે પાણિનીનો અર્થ એવો થાય છે કે શબ્દની ડાબી અને જમણી બાજુએ લાગુ પડતા નિયમો વચ્ચે દુભાષિયાએ જમણી બાજુએ લાગુ પડતા નિયમની પસંદગી કરવી પડશે.

(3) આ શોધે લગભગ અપવાદ વિના વ્યાકરણની રીતે સાચા શબ્દો બનાવ્યા હતા.




1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 ડિસેમ્બર (B) 19 ડિસેમ્બર (C) 20 ડિસેમ્બર (D) 21 ડિસેમ્બર **(C)**

2. તાજેતરમાં 'FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022'નું આયોજન કયા દેશમાં થયું હતું ?

(A) કતાર (B) ફ્રાન્સ (C) ઈંગ્લેન્ડ (D) ઉરૂગ્વે **(A)**

3. વર્ષ 2022માં કેટલામાં FIFA ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન થયું હતું ?

(A) 20માં (B) 21માં (C) 22માં (D) 23માં **(C)**

4. FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022 વિજેતા દેશનું નામ જણાવો ?

(A) ક્રોએશિયા (B) આર્જેન્ટિના (C) ઈંગ્લેન્ડ (D) ફ્રાન્સ **(B)**

5. આર્જેન્ટિનાએ કોને પરાજય આપીને FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022 જીતી લીધો હતો ?

(A) રશિયા (B) કતાર (C) ઈંગ્લેન્ડ (D) ફ્રાન્સ **(D)**

6. FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022માં ટોચના એકથી ચાર ક્રમે રહેલ ટીમનો સાચો ક્રમ નીચેનામાંથી કયો છે ?

(A) આર્જેન્ટિના, ફ્રાન્સ, ક્રોએશિયા, મોરક્કો

(B) આર્જેન્ટિના, ફ્રાન્સ, ક્રોએશિયા, ઉરૂગ્વે

(C) આર્જેન્ટિના, ફ્રાન્સ, ક્રોએશિયા, ઈંગ્લેન્ડ

(D) આર્જેન્ટિના, ફ્રાન્સ, બેલ્જિયમ, ઈંગ્લેન્ડ **(A)**

7. FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022માં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી જુલિયન આલ્વા રેઝ (B) શ્રી ઓલિવર ગીરોડ

(C) શ્રી લિયેનોલ મેસ્સી (D) શ્રી કિલિયન એમ્બાપ્પે **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8. FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022માં 'ગોલ્ડન બૂટ'નો એવોર્ડ કોને મળ્યો છે ?**

(A) શ્રી લિયેનોલ મેસ્સી (B) શ્રી કિલિયન એમ્બાપ્પે

(C) શ્રી લુકા મેડ્રીક (D) શ્રી હેરી કેન **(B)**

**9. FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022માં ગોલ્ડન બોલ'નો એવોર્ડ કોને મળ્યો છે ?**

(A) શ્રી લિયેનોલ મેસ્સી (B) શ્રી કિલિયન એમ્બાપ્પે

(C) શ્રી એન્જો ફર્નાન્ડીઝ (D) શ્રી માર્ટીનેઝ **(A)**

**10. FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022 'ફેયર પ્લે એવોર્ડ' વિજેતા ટીમનું નામ શું છે ?**

(A) ફ્રાન્સ (B) ક્રોએશિયા (C) બેલ્જિયમ (D) ઈંગ્લેન્ડ **(D)**

**11. ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન કોના દ્વારા કરવામાં આવે છે ?**

(A) FICCI (B) FITCH (C) PHIFA (D) FIFA **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**12. FIFAનું પૂરું નામ શું છે ?**

(A) ફૂટબોલ ઈન્ટરનેશનલ ડે ફેડરેશન એસોસિએશન

(B) ફૂટબોલ ઈન્ટરનેશનલ વર્લ્ડ ડે ફેડરેશન

(C) ફેડરેશન ઈન્ટરનેશનલ વર્લ્ડ ડે ફૂટબોલ એસોસિએશન

(D) ફેડરેશન ઈન્ટરનેશનલ ડે ફૂટબોલ એસોસિએશન **(D)**

**13. ફૂટબોલ વર્લ્ડ કપનો પ્રારંભ ક્યારથી થયો હતો ?**

(A) 1910 (B) 1940 (C) 1920 (D) 1930 **(D)**

**14. વર્ષ 2026માં 23મા ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન કયાં થશે ?**

(A) કેનેડા, અમેરિકા, નોર્વે (B) અમેરિકા, કેનેડા, મોરક્કો

(C) અમેરિકા, કેનેડા, આયર્લેન્ડ (D) અમેરિકા, કેનેડા, મેક્સિકો **(D)**

15. વર્ષ 2022માં યોજાયેલા 22માં વર્લ્ડ કપ સુધીમાં સૌથી વધુ વખત ફૂટબોલ વર્લ્ડ કપ વિજેતા દેશનું નામ શું છે ?

(A) જર્મની (B) ઈટાલી (C) આર્જેન્ટિના (D) બ્રાઝિલ (D)

16. FIFA ફૂટબોલ વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીનું નામ શું છે ?

(A) ક્રિસ્ટીયાનો રોનાલ્ડો (B) લિયોનેલ મેસ્સી

(C) રોનાલ્ડો લુઈસ દે લિમા (D) મિરોસ્લાવ ક્લોઝ (D)

17. FIFA ફૂટબોલ વર્લ્ડ કપ 2022 વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ વર્લ્ડ કપમાં 32 ટીમોએ ભાગ લીધો હતો.

2. ફિફા વર્લ્ડ કપ 2022ના સત્તાવાર બોલનું નામ 'અલ–રિહલા' રાખવામાં આવ્યું હતું.

3. FIFA વર્લ્ડ કપ 2022નું સત્તાવાર માસ્કોટ 'La'eeb' હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) 1, 2 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

18. તાજેતરમાં એક પીએચડી સ્ટુડન્ટ _____ એ 2500 વર્ષ જુના 'અષ્ટાધયાયી'માં વ્યાકરણની સમસ્યાના ઉકેલનું સમાધાન (સોલ્યુશન) કર્યુ હતું.

(A) ડો. પ્રહલાદ ભટ્ટ (B) ડો. ઋષિ વાજપેઈ

(C) ડો. ઋષિ રાજપોપટ (D) ડો. પ્રહલાદ રાજપોપટ (C)

19. પ્રસિદ્ધ સંસ્કૃત ગ્રંથ 'અષ્ટાધ્યાયી'ના લેખક કોણ છે ?

(A) ભાસ (B) ભવભૂતિ (C) પાણિની (D) કાલિદાસ (C)

## INS મોર્મુગાઓને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું

INS મોર્મુગાઓને ગોવા મુક્તિ દિવસ 2022ની પૂર્વ સંધ્યાએ ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું.

- આ પ્રસંગે સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ, નેવી અધ્યક્ષ એડમિરલ શ્રી આર.હરિકુમાર અને ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંત ઉપસ્થિત રહ્યા હતા.

### INS મોર્મુગાઓ



INS મોર્મુગાઓ ભારતીય નૌકાદળના વિશાખાપટ્ટનમ–ક્લાસ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સનું બીજું જહાજ છે.

- ગોવાના ઐતિહાસિક બંદર મોર્મુગાઓના નામ પરથી તેનું નામ રાખવામાં આવ્યું છે.
- આ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર 163 મીટર લાંબુ અને 17 મીટર પહોળુ છે.
- જેમાં 7400 ટનનું વિસ્થાપન તથા તેની 30 નોટિકલ માઈલ (લગભગ 55 કિમી પ્રતિ કલાક)ની ઝડપ છે.
- જહાજની 75 ટકાથી વધુ સામગ્રી ભારતમાં ઉત્પાદિત અને વિકસિત કરવામાં આવી હતી, કાં તો સીધી રીતે અથવા ભારતીય મૂળના સાધનો ઉત્પાદકો (OEMs) દ્વારા અથવા વ્યૂહાત્મક જોડાણ દ્વારા વિકસાવવામાં આવી હતી.
- લગભગ 35,800 કરોડ રૂપિયાના કુલ ખર્ચ સાથે પ્રોજેક્ટ 15B હેઠળ આ બીજું જહાજ બનાવવામાં આવ્યું છે.
- આ જહાજ ઘણા સ્વદેશી શસ્ત્રોથી સજ્જ છે જેમ કે મધ્યમ–રેન્જની સપાટીથી હવામા પ્રહાર કરનાર મિસાઈલો વગેરે આધુનિક શસ્ત્રોની સજ્જ છે.
- તે સ્વદેશી ટોરપિડો ટ્યૂબ લોન્ચર (લાર્સન એન્ડ ટુબ્રો, મુંબઈ), એન્ટી સબમરીન રોકેટ લોન્ચર (લાર્સન એન્ડ ટુબ્રો, મુંબઈ) અને 75 મીમી સુપર રેપિડ ગન માઉન્ટ (BHEL હરિદ્વાર) તેમજ વિવિધ ગન સિસ્ટમથી પણ સજ્જ છે.
- આ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર બે મલ્ટી–રોલ હેલિકોપ્ટર ચલાવવા માટે સક્ષમ હશે, જે વિવિધ અત્યાધુનિક શસ્ત્રો અને મલ્ટી–ફંક્શનલ સર્વેલન્સ રડાર જેવા સેન્સરથી સજ્જ છે.

નોંધ : (1) INS મોર્મુગાઓને સૌપ્રથમ સપ્ટેમ્બર 2016માં લોન્ચ કરવામાં આવ્યું હતું. અને 2021માં દરિયાઈ પરીક્ષણો શરૂ કર્યા હતા, જે ગોવા મુક્તિના 60 વર્ષ સાથે સુસંગત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

(2) <u>પ્રોજેક્ટ 15B</u> ભારત સરકારનો એક કાર્યક્રમ છે જે અંતર્ગત ભારતીય નૌકાદળ માટે નેક્સ્ટ જનરેશનના સ્ટીલ્થ ગાઈડેડ–મિસાઈલ ડિસ્ટ્રોયર્સ મંઝગાવ ડોક્સ લિમિટેડ (MDL), મુંબઈ ખાતે બનાવવામાં આવી રહ્યા છે.

(3) INS સુરત, INS ઈમ્ફાલ અને INS વિશાખાપટ્ટનમ પણ આ વર્ગના જહાજો છે.

## EV Yatra Mobile Application

રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ (14 ડિસેમ્બર) નિમિત્તે ભારતના રાષ્ટ્રપતિ <u>શ્રીમતી દ્રોપદી મુર્મુ</u>એ નવી <u>દિલ્હીમાં EV યાત્રા મોબાઈલ એપ્લિકેશન શરૂ</u> કરી છે.

### EV - યાત્રા મોબાઈલ એપ્લિકેશન શું છે ?

EV યાત્રા મોબાઈલ એપ્લિકેશન <u>બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE)</u> દ્વારા <u>EV વપરાશકર્તાઓને</u> નજીકના સાર્વજનિક ચાર્જર પર વાહનમાં નેવિગેશનની સુવિધા આપવા માટે વિકસાવવામાં આવી હતી.



- તે <u>ચાર્જ પોઈન્ટ ઓપરેટરો</u>ને પ્લેટફોર્મ પર નોંધણી કરવાની અને રાષ્ટ્રીય ઓનલાઈન ડેટાબેઝમાં વિગતો દાખલ કરવાની પણ મંજૂરી આપે છે.
- તે <u>EV ચાર્જીંગ સ્ટેશન</u> પર ઈન્સ્ટોલ કરેલા ચાર્જરનો પ્રકાર, ઈલેક્ટ્રિક વાહન ચાર્જ કરવા માટે ટેરિફ, ચાર્જીંગ સ્ટેશનો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ વગેરે જેવી વિગતો પ્રદાન કરે છે.
- એપ્લિકેશન વપરાશકર્તાઓને ચાર્જીંગ સ્લોટ પ્રી–બૂક કરવા સક્ષમ બનાવે છે અને ચાર્જીંગ સ્લોટની વાસ્તવિક સમયની ઉપલબ્ધતા, ચાર્જીંગ સ્ટેશનની અંદર કાર્યક્ષમતા અને સગવડતા વધારવાની વિગતો પ્રદાન કરે છે.
- આ એપ હાલમાં અંગ્રેજી તેમજ હિન્દીમાં ઉપલબ્ધ છે. તેને ગૂગલ પ્લેસ્ટોર અને એપલ સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે.

નોંધ: (1) હાલમાં ભારતમાં EVs માટે લગભગ 5,151 ઓપરેશન પબ્લિક ચાર્જીંગ સ્ટેશન છે. જોકે રસ્તાઓ પર લગભગ 18 લાખ EVs છે.

(2) કર્ણાટકમાં 698 ચાર્જીંગ સ્ટેશન, મહારાષ્ટ્રમાં 660 ચાર્જીંગ સ્ટેશન અને દિલ્હીમાં 539 EV ચાર્જીંગ સ્ટેશન છે.

(3) ઉત્તરપ્રદેશ, દિલ્હી અને મહારાષ્ટ્ર ભારતના સૌથી મોટા EV બજારો છે.

# સંપૂર્ણ જીનોમ સિક્વન્સિંગ (Whole Genome Sequencing)

તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER), ભોપાલના સંશોધકોએ પાંદડાની પેશીના નમૂનાઓમાંથી બન્યન/વડ (Ficus benghalensis) અને પીપલ (Ficus religiosa)ની સંપૂર્ણ જીનોમ સ્ક્વિન્સિંગ હાથ ધરી છે.

- આ કાર્યથી વડના કિસ્સામાં 17 જનીનો અને પીપલમાં 19 જનીનોને ઓળખવામાં મદદ મળી હતી. જેમાં અનુકૂલનશીલ ઉત્ક્રાંતિના ઘણા પાત્રો છે. જે આ બે Ficus પ્રજાતિઓના લાંબા આયુષ્યમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## સંપૂર્ણ જીનોમ સ્ક્વિન્સિંગ

બધા સજીવોમાં એક અનન્ય આનુવાંશિક કોડ અથવા જીનોમ હોય છે, જે ન્યુક્લિયોટાઈડ બેઝ એડનાઈન (A), થાઈમિન (T), સાયટોસિન (C) અને ગ્વાનિન (G) થી બનેલો હોય છે.

- અનન્ય ડીઓક્સીરીબોન્યુક્લીક એસિડ (DNA) ફિંગરપ્રિન્ટ અથવા પેટર્ન સજીવમાં પાયાના ક્રમને જાણીને ઓળખી શકાય છે.
- પાયાનો ક્રમ/બેસ ક્રમના નિર્ધારણને અનુક્રમણ અથવા સ્ક્વિન્સિંગ કહેવામાં આવે છે.
- સંપૂર્ણ જિનોમ સિક્વન્સિંગ એ એક પ્રયોગશાળા પ્રક્રિયા છે જે એક પ્રક્રિયામાં જીવતંત્રના જિનોમમાં પાયાનો ક્રમ નક્કી કરે છે.

## પદ્ધતિ

### DNA કાપવા માટે

વૈજ્ઞાનિકો DNAને કાપવા માટે મોલેક્યુલર કાતરનો ઉપયોગ કરે છે, જે લાખો આધારો (A, C, T અને G)થી બનેલો છે, જે સ્ક્વિન્સિંગ મશિનને સમજવા માટે ખૂબ જ નાના છે.

### DNA બારકોડિંગ

વૈજ્ઞાનિકો ડીએનએ ટેગના ટૂંકા ટુકડાઓ ઉમેરે છે અથવા કટ ડીએનએનો ભાગ કયા બેક્ટેરિયાનો છે તે ઓળખવા માટે બારકોડનો ઉપયોગ કરે છે.

### DNA સિક્વન્સર

કેટલાક બેક્ટેરિયામાંથી બાર–કોડેડ ડીએનએને ભેગા કરવામાં આવે છે. અને ડીએનએ સિક્વન્સરમાં મૂકવામાં આવે છે.

- સિક્વન્સર A'S, C'S, T'S અને G'S અથવા પાયાને ઓળખે છે, જે દરેક બેક્ટેરિયલ ક્રમ બનાવે છે.
- સિક્વન્સિંગ બારકોડનો ઉપયોગ કરીને એ ઓળખી શકાય કે કયો આધાર કયા બેક્ટેરિયાનો છે.

## માહિતી વિશ્લેષણ

વૈજ્ઞાનિકો બહુવિધ બેક્ટરિયામાંથી ક્રમની તુલના કરવા અને તફાવતોને ઓળખવા માટે કમ્પ્યૂટર વિશ્લેષણ સાધનોનો ઉપયોગ કરે છે.

- આ તફાવતો વૈજ્ઞાનિકોને એ સમજવામાં મદદ કરે છે કે બેક્ટેરિયા કેટલા નજીકથી સંબંધિત છે અને તે સમાન પ્રકોપનો ભાગ બનવાની કેટલી શક્યતા છે.

## ફાયદા

- જીનોમનું ઉચ્ચ–રિઝોલ્યુશન આધાર–દર–આધાર (બેઝ–બાય–બેઝ) દશ્ય પ્રદાન કરે છે.
- મુખ્ય અને નાના બંને સ્વરૂપોને આવરી લે છે જે લક્ષિત અભિગમો દ્વારા ચૂકી શકાય છે.
- જનીન અભિવ્યક્તિ અને નિયમન મિકેનિઝમ્સના કારણભૂત ચલોને ઓળખે છે.
- નોબેલ જીનોમના એસેમ્લીને ટેકો આપવા માટે ટૂંકા સમયમાં મોટી માત્રામાં ડેટા પહોંચાડે છે.

## મહત્વ

- જીનોમિક માહિતી વારસાગત વિકૃતિઓને ઓળખવામાં, કેન્સર સેલ મ્યૂટેશનની લાક્ષણિકતા દર્શાવવામાં અને રોગના પ્રકોપને ટ્રેક કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.
- તે કૃષિ મહત્વના પશુધન, છોડ અથવા રોગ સંબંધિત સૂક્ષ્મજીવાણુ ક્રમબદ્ધ કરવા માટે ઉપયોગી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) જીનોમ એ સજીવમાં હાજર કુલ આનુવંશિક સામગ્રીનો સંદર્ભ આપે છે અને માનવ જીનોમ મોટાભાગે તમામ લોકોમાં સમાન હોય છે. પરંતુ ડીએનએનો ખૂબ જ નાનો ભાગ એક વ્યક્તિથી બીજામાં બદલાય છે.

(2) દરેક સજીવનો આનુવંશિક કોડ તેના ડીએનએમાં સમાયેલ છે, જે જીવનની રચના છે.

(3) જીન ડીએનએ પરમાણુઓનો એક ભાગ છે, જ્યારે જીનોમ એ કોષમાં હાજર કુલ ડીએનએ છે.

TET-1/2 LIVE + RECORDED BATCH
1 YEAR VALIDITY
વિભાગ 1 અને 2ની સંપૂર્ણ તૈયારી
iceonline એપ ડાઉનલોડ કરો
Google Play
LIMITED TIME OFFER

1. તાજેતરમાં INS મોર્મુગાઓને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું છે. તેના સંદર્ભે નીચના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. INS મોર્મુગાઓ ભારતીય નૌકાદળના વિશાખાપટ્ટનમ–ક્લાસ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સનું બીજું જહાજ છે.
   2. ગોવાના ઐતિહાસિક બંદર મોર્મુગાઓના નામ પરથી આ જહાજનું નામ રાખવામાં આવ્યું છે.
   3. આ જહાજ જાપાનની JANML કંપનીની સહાયથી બનાવવામાં આવ્યું છે.
   4. આ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર 163 મીટર લાંબુ અને 17 મીટર પહોળુ છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

2. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ 'EV Yatra Mobile Applcation' શરૂ કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. તે બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE) દ્વારા EV વપરાશકર્તાઓને નજીકના સાર્વજનિક ચાર્જર પર વાહનમાં નેવિગેશનની સુવિધા આપવા માટે વિકસાવવામાં આવી હતી.
   2. તે ચાર્જ પોઈન્ટ ઓપરેટરોને પ્લેટફોર્મ પર નોંધણી કરવાની અને રાષ્ટ્રીય ઓનલાઈન ડેટાબેઝમાં વિગતો દાખલ કરવાની મંજૂરી આપે છે.
   3. એપ્લિકેશન વપરાશકર્તાઓને ચાર્જિંગ સ્લોટ પ્રી–બૂક કરવા પણ સક્ષમ બનાવે છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1 અને 3 (B) 2 અને 3 (C) 1, 2 અને 3 (D) ફક્ત 1 (C)

3. તાજેતરમાં _____ ના સંશોધકોએ પાંદડાની પેશીના નમૂનાઓમાંથી વડ (Ficus benghalensis) અને પીપલ (Ficus religiosa)ની સંપૂર્ણ જીનોમ સ્કિવન્સિંગ (Whole Genome Sequencing) હાથ ધરી હતી.

   (A) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER), ભોપાલ

   (B) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER), અમદાવાદ

   (C) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER), રાંચી

   (D) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER), નૈનિતાલ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગણિત દિવસ (National Mathamatics Day)



ભારતમાં દર વર્ષે 22 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.

- ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી એસ. રામાનુજનની યાદમાં તેમનો જન્મદિન ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી શ્રીનિવાસ રામાનુજનનો જન્મ 22 ડિસેમ્બર, 1887ના રોજ તમિલનાડુના ઈરોડ ખાતે થયો હતો.
- શ્રી એસ. રામાનુજનની 125મી જન્મજયંતિ નિમિત્તે વર્ષ 2012માં ભારતના તત્કાલીન વડાપ્રધાન ડો. મનમોહન સિંહે આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત વર્ષ 2012થી ભારતમાં દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ : (1) આ ઉપરાંત ડો. મનમોહન સિંહે કરેલી જાહેરાત અનુસાર વર્ષ 2012થી ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત વર્ષ' તરીકે પણ ઉજવણી કરવામાં આવી હતી.

(2) 1729 એ હાર્ડી રામાનુજન નંબર છે. જ્યારે હાર્ડીએ હોસ્પિટલમાં શ્રી રામાનુજનની મુલાકાત લીધી ત્યારે શ્રી રામાનુજને હાર્ડીને કહ્યું કે 1729 એ સૌથી નાની સંખ્યા છે. જેને બે અલગ અલગ રીતે બે ક્યુબ તરીકે વ્યક્ત કરી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાષ્ટ્રીય ગોકુલ મિશન




તાજેતરમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયે જાહેરાત કરી છે કે 50 લાખથી વધુ ખેડૂતોને રોજગાર આપવામાં આવશે.

- રાષ્ટ્રીય ગોકુલ મિશન (RGM) હેઠળ ગાય / ભેંસ / ડુક્કર / મરઘી / બકરીના સંવર્ધન ફાર્મ અને સાઈલેજ બનાવવાના એકમોને સબસિડી આપવાની યોજના છે.
- જેમાંથી 50% સબસિડી ભારત સરકાર દ્વારા આપવામાં આવશે.
- આ સાથે પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (AHIDF) યોજના હેઠળ લોનની રકમ પર 3 ટકા વ્યાજ સબવેન્શન પણ લઈ શકાય છે.

## રાષ્ટ્રીય ગોકુલ મિશન

દેશી અથવા સ્થાનિક બોવાઈન જાતિના વિકાસ અને સંરક્ષણ માટે ડિસેમ્બર 2014થી તેનો અમલ કરવામાં આવી રહ્યો છે.

- આ યોજના અમ્બ્રેલા યોજના રાષ્ટ્રીય પશુધન વિકાસ યોજના હેઠળ વર્ષ 2021 થી 2026 સુધી રૂ.2400 કરોડના બજેટ ખર્ચ સાથે ચાલુ છે.

## નોડલ મંત્રાલય

તેમનું નોડલ મંત્રાલય 'મત્સ્યદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય' છે.

## ઉદ્દેશ્ય

- અદ્યતન તકનીકીનો ઉપયોગ કરીને ટકાઉ રીતે પશુઓની ઉત્પાદકતા અને દૂધ ઉત્પાદનમાં વધારો કરવો.
- સંવર્ધન હેતુઓ માટે ઉચ્ચ આનુવંશિક યોગ્યતાવાળા બળદને પ્રોત્સાહન આપવું.
- પ્રજનન નેટવર્કને મજબૂત કરીને અને ખેડૂતોના ઘરે કૃત્રિમ બીજદાન સેવાઓ ડિલિવરી દ્વારા કૃત્રિમ બીજદાન કવરેજ વધારવું.
- વૈજ્ઞાનિક અને સર્વગ્રાહી રીતે સ્વદેશી ગાયો અને ભેંસોના ઉછેર અને સંરક્ષણને પ્રોત્સાહન આપવું.

## મહત્વ

રાષ્ટ્રીય ગોકુલ મિશન (RGM)ના પરિણામે ઉત્પાદકતામાં વધારો થશે અને કાર્યક્રમોનો લાભ ભારતના તમામ નાના અને સીમાંત ખેડૂતો ખાસ કરીને ગાયો અને ભેંસો સુધી પહોંચશે.

- આ કાર્યક્રમ ખાસ કરીને મહિલાઓને પણ ફાયદો કરશે કારણ કે પશુપાલન સાથે સંકળાયેલા 70% થી વધુ કામ મહિલાઓ દ્વારા કરવામાં આવે છે.

## ઘટક

- ઉચ્ચ આનુવંશિક ગુણવત્તાવાળા જર્મનપ્લાઝમ (Merit Germplasm)ની ઉપલબ્ધતા.
- કૃત્રિમ બીજદાન નેટવર્કનું વિસ્તરણ
- સ્વદેશી જાતિઓનો વિકાસ અને સંરક્ષણ
- કૌશલ્ય વિકાસ
- ખેડૂત જાગૃતિ
- બોવાઈન બ્રીડિંગમાં સંશોધન વિકાસ અને નવીનતા

## અમલીકરણ એજન્સી

રાષ્ટ્રીય ગોકુલ મિશનનો અમલ 'રાજ્ય અમલીકરણ એજન્સી' (SIA એટલે કે પશુધન વિકાસ બોર્ડ) દ્વારા કરવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચાંચિયાગીરી વિરોધી બિલ (Anti-Piracy bill)

તાજેતરમાં રાજ્યસભાએ 'ચાંચિયાગીરી વિરોધી બિલ' (અથવા સમુદ્ર ડકૈતી વિરોધી બિલ) પસાર કર્યુ હતું.

- જેના વિશે સરકારે જણાવ્યું હતું કે ચાંચિયાગીરી સામે લડવા માટે આ બિલ અસરકારક કાનૂની સાધન પ્રદાન કરશે.
- પરિવહનના દરિયાઈ માર્ગોની સુરક્ષા મહત્વપૂર્ણ છે કારણ કે ભારતનો 90%થી વધુ વેપાર દરિયાઈ માર્ગો દ્વારા થાય છે.
- અને દેશની 80%થી વધુ હાઈડ્રોકાર્બન જરૂરિયાતો દરિયાઈ માર્ગે પૂરી થાય છે.

### બિલ વિશે

આ વિધેયક ચાંચિયાગીરી અટકાવવા અને આવી ચાંચિયાગીરી સંબંધિત ગુનાઓ માટે વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવાની જોગવાઈ કરે છે.

- તે ભારતના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની સીમાને અડીને આવેલા અને તેનાથી આગળ આવેલ સમુદ્ર (એટલે કે દરિયાકાંઠાથી 200 નોટિકલ માઈલ આગળ)ના તમામ ભાગોને લાગુ પડશે.
- આ બિલ United Nations Convention on the Law of the Sea (UNCLOS)ને સંબંધિત છે.

### ડકૈતી / ચાંચિયાગીરી

તે ચાંચિયાગીરીને ખાનગી હેતુઓ માટે ખાનગી જહાજ અથવા વિમાનના ક્રૂ અથવા મુસાફરો દ્વારા વહાણ, વિમાન, વ્યક્તિ અથવા મિલકત વિરુદ્ધ હિંસા, અટકાયત અથવા વિનાશના કોઈપણ ગેરકાયદેસર કૃત્ય તરીકે વ્યાખ્યાયિત કરે છે.

- આવા કૃત્યો ઉચ્ચ સમુદ્રમાં (ભારતના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની બહાર) અથવા ભારતના અધિકાર ક્ષેત્રની બહારના કોઈપણ સ્થળે આચારવામાં આવી શકે છે.
- આવા કૃત્યને ઉશ્કેરવું અથવા જાણી જોઈને મદદ કરવી એ પણ ચાંચિયાગીરી/સમુદ્ર ડકૈતી તરીકે ગણવામાં આવશે.
- તેમાં અન્ય પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય છે જેને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ચાંચિયાગીરી ગણવામાં આવે છે.
- ચાંચિયાગીરીમાં ચાંચિયાગીરી જહાજ અથવા વિમાનના સંચાલનમાં સ્વૈચ્છિક ભાગીદારીનો પણ સમાવેશ થાય છે.

### દંડ

ચાંચિયાગીરીનું કૃત્ય સજાપાત્ર રહેશે : આજીવન કેદ, અથવા મૃત્યુ દંડ.

- જો ચાંચિયાગીરી મૃત્યુનું કારણ બને છે અથવા પ્રયાસ કરવામાં આવે છે. તો જ તેને મૃત્યુ દંડની સજા કરવામાં આવશે.
- ચાંચિયાગીરીનું કૃત્ય કરવા, મદદ કરવા, પ્રોત્સાહન આપવા અથવા સલાહ આપવાનો પ્રયાસ કરવો એ 14 વર્ષ સુધીની જેલ અને દંડની સજાને પાત્ર બને છે.
- ગુનાઓ પ્રત્યાર્પણપાત્ર ગણાશે. આનો મતલબ એવો થાય છે કે આરોપીને કોઈપણ દેશમાં કાર્યવાહી માટે ટ્રાન્સફર કરી શકાય છે જેની સાથે ભારતે પ્રત્યાર્પણ સંધિ પર હસ્તાક્ષર કર્યા છે.
- આવી સંધિઓની ગેરહાજરીમાં ગુનાઓ દેશો વચ્ચે પારપરિકતાના આધારે પ્રત્યાર્પણપાત્ર હશે.

## બિલ વિશે

કેન્દ્ર સરકાર સંબંધિત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ કરીને સત્ર અદાલતોને આ બિલ હેઠળ નિયુક્ત અદાલતો તરીકે સૂચિત કરી શકાય છે.

- નિયુક્ત અદાલત નિમ્નલિખિત દ્વારા આચરવામાં આવેલા ગુનાઓની સુનાવણી કરશે :

(1) ભારતીય નૌકાદળ અથવા કોસ્ટગાર્ડની કસ્ટડીમાં રહેલી વ્યક્તિ, તેની રાષ્ટ્રીયતાને ધ્યાનમાં લીધા વીના.

(2) ભારતનો નાગરિક, વિદેશી નાગરિક અથવા ભારતમાં રહેતો રાજ્યવિહીન વ્યક્તિ.

(3) કોર્ટને વિદેશી જહાજ પર કરવામાં આવેલા ગુનાઓ પર અધિકારક્ષેત્ર રહેશે નહીં સિવાય કે નિમ્નલિખિત હસ્તક્ષેપની વિનંતી કરવામાં આવે :

(a) જહાજના માલિક

(b) જહાજના મૂળ દેશ

(c) બોર્ડ પર અન્ય કોઈ વ્યક્તિ

- બિન–વ્યવસાયિક હેતુઓ માટે કાર્યરત યુદ્ધ જહાજો અને સરકારની માલિકીના જહાજો કોર્ટના અધિકાર ક્ષેત્રમાં રહેશે નહીં.

નોંધ : (1) યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લૉ ઓફ ધ સી (UNCLOS), 1982 એ એક આંતરરાષ્ટ્રીય કરાર છે જે દરિયાઈ પ્રવૃત્તિઓના સંદર્ભમાં કાનૂની માળખુ સ્થાપિત કરે છે.

(2) તેને લૉ ઓફ ધ સી તરીકે પણ ઓળખવામાં આવે છે.

(3) તે મેરીટાઈમ ઝોનને પાંચ મુખ્ય ઝોનમાં વિભાજિત કરે છે – આંતરિક પાણી, પ્રાદેશિક સમુદ્ર, સંલગ્ન ઝોન, વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (EFZ) અને ઉચ્ચ સમુદ્ર.

(4) તે એકમાત્ર આંતરરાષ્ટ્રીય સંમેલન છે જે મેરીટાઈમ ઝોનમાં રાજ્યના અધિકારક્ષેત્ર માટે માળખુ નક્કી કરે છે. તે વિવિધ મેરીટાઈમ ઝોનને અલગ–અલગ કાનૂની દરજ્જો આપે છે.

(5) ભારતે વર્ષ 1995માં UNCLOSને બહાલી આપી હતી.

1. ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 ડિસેમ્બર (B) 22 ડિસેમ્બર (C) 23 ડિસેમ્બર (D) 24 ડિસેમ્બર **(B)**

2. ભારતમાં કોનો જન્મ દિન 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી વરાહમિહિર (B) શ્રી એસ. રમણ મહર્ષિ

(C) શ્રી આર્યભટ્ટ (D) શ્રી એસ. રામાનુજન **(D)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'રાષ્ટ્રીય ગોકુલ મિશન' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. રાષ્ટ્રીય ગોકુલ મિશન (RGM) હેઠળ ગાય/ભેંસ/ડુક્કર/મરઘી/બકરીના સંવર્ધન ફાર્મ અને સાઈલેજ બનાવવાના એકમોને સબસિડી આપવાની યોજના છે.
2. દેશી અથવા સ્થાનિક બોવાઈન જાતિના વિકાસ અને સંરક્ષણ માટે ડિસેમ્બર 2014થી તેનો અમલ કરવામાં આવી રહ્યો છે.
3. આ યોજના રાષ્ટ્રીય પશુધન વિકાસ યોજના હેઠળ વર્ષ 2021 થી 2026 સુધી રૂ.2400 કરોડના બજેટ ખર્ચ સાથે ચાલુ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

4. તાજેતરમાં રાજ્યસભાએ 'ચાંચિયાગીરી વિરોધી બિલ' (અથવા સમુદ્રી ડકૈતી વિરોધી બિલ/Anti-Piracy bill) પસાર કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ ચાંચિયાગીરી અટકાવવા અને આવી ચાંચિયાગીરી સંબંધિત ગુનાઓ માટે વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવાની જોગવાઈ કરે છે.
2. તે ભારતના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની સીમાને અડીને આવેલા અને તેનાથી આગળ આવેલ સમુદ્ર (એટલે કે દરિયાકાંઠાથી 200 નોટિકલ માઈલ આગળ)ના તમામ ભાગોને લાગુ પડશે.
3. ચાંચિયાગીરીનું કૃત્ય સજાપાત્ર રહેશે : આજીવન કેદ અથવા મૃત્યુ દંડ (મૃત્યુ દંડ જો ચાંચિયાગીરી મૃત્યુનું કારણ બને છે અથવા પ્રયાસ કરવામાં આવે છે ત્યારે.)
4. ચાંચિયાગીરીનું કૃત્ય કરવા, મદદ કરવા, પ્રોત્સાહન આપવા અથવા સલાહ આપવાનો પ્રયાસ કરવો એ 14 વર્ષ સુધીની જેલ અને દંડની સજાને પાત્ર બને છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) 1, 2, 3 અને 4 (D) ફક્ત 1, 2 અને 4 **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 ડિસેમ્બર, કિસાન દિવસ


ભારતમાં દર વર્ષે 23 ડિસેમ્બર 'રાષ્ટ્રીય કિસાન' દિન તરીકે ઉજવાય છે.

### ભારતમાં 23 ડિસેમ્બરના રોજ શા માટે કિસાન દિન ઉજવાય છે ?

ભારતમાં શ્રી ચૌધરી ચરણ સિંહની યાદમાં 'રાષ્ટ્રીય કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- શ્રી ચૌધરી ચરણ સિંહ 'કિસાનોના મસિહા' તરીકે પ્રસિદ્ધ છે.
- આથી, ખેડૂતોના કલ્યાણ માટે તેમણે કરેલા કાર્યોને બિરદાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી ચૌધરી ચરણ સિંહનો જન્મ 23 ડિસેમ્બર, 1902ના રોજ ઉત્તરપ્રદેશના નૂરપુર ખાતે થયો હતો.
- આથી તેમનો જન્મદિન 23 ડિસેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય કિસાન દિન' તરીકે ઉજવાય છે.

### શ્રી ચૌધરી ચરણ સિંહ



શ્રી ચૌધરી ચરણ સિંહ 28 જુલાઈ 1979થી 14 જાન્યુઆરી, 1980 દરમિયાન જનતા પાર્ટી સરકારમાં ભારતના પાંચમા વડાપ્રધાન હતા.

- 24 માર્ચ 1977થી 28 જુલાઈ 1979 દરમિયાન શ્રી મોરારજીભાઈ દેસાઈની જનતા પાર્ટી સરકારમાં તેઓ શ્રી જગજીવન રામ સાથે ભારતના ત્રીજા નાયબ વડાપ્રધાન હતા.
- તેમણે શ્રી મોરારજીભાઈ દેસાઈની સરકારમાં ભારતના નાણાંમંત્રી તેમજ ગૃહ મંત્રી તરીકે પણ સેવા આપી છે.
- આ ઉપરાંત ઉત્તરપ્રદેશના પાંચમા મુખ્યમંત્રી તરીકે પણ તેમણે સેવા આપી હતી.

### શ્રી ચૌધરી ચરણ સિંહ દ્વારા થયેલા કિસાન હિતના કાર્યો

શ્રી ચૌધરી ચરણ સિંહના કારણે જ 1 જુલાઈ 1952ના રોજ ઉત્તરપ્રદેશમાં જમીનદારી પ્રથાનો અંત થયો હતો.

- કિસાનોના હિતમાં તેમણે 1954માં ઉત્તરપ્રદેશમાં 'જમીન સંરક્ષણ કાયદો' પસાર કરાવ્યો હતો.
- ભારતના નાણાંમંત્રી અને નાયબ વડાપ્રધાનની રૂએ ભારતમાં 'રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક' 'NABARD'ની સ્થાપનામાં પણ તેમની અગત્યની ભૂમિકા હતી.
- કિસાનોના કલ્યાણ માટે પોતાના વિચારો રજૂ કરતા અનેક પુસ્તકોનું પણ તેમણે સર્જન કર્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ચૌધરી ચરણ સિંહના પ્રસિદ્ધ પુસ્તકો

શ્રી ચૌધરી ચરણ સિંહના કેટલાક પ્રસિદ્ધ પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો સમાવેશ થાય છે :

(1) ઈન્ડિયાઝ ઈકોનોમિક પોલિસી–ધ ગાંધીયન બ્લુપ્રિન્ટ (1978)

(2) ઈકોનોમિક નાઈટમેર ઓફ ઈન્ડિયા : ઈટ્સ કોઝ એન્ડ કયોર (1981)

(3) જોઈન્ટ ફાર્મિંગ એકસ રે

(4) કો–ઓપરેટિવ ફાર્મિંગ એકસ રે

(5) અબોલિશન ઓફ જમીનદારી

(6) પીઝન્ટ પ્રોપરાઈટરશિપ ઓર લેન્ડ ટુ ધ વર્કર્સ

નોંધ : (1) દિલ્હી ખાતે આવેલું શ્રી ચૌધરી ચરણ સિંહનું સમાધિ સ્થળ 'કિસાન ઘાટ' તરીકે ઓળખાય છે.

(2) ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે આવેલું ઈન્ટરનેશનલ એરપોર્ટ ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરીકે ઓળખાય છે.

## NABARD

NABARDનું પૂરું નામ 'National Bank for Agriculture and Rural Development' છે.

- નાબાર્ડની સ્થાપના 12 જુલાઈ, 1982ના રોજ થઈ હતી. નાબાર્ડનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
- નાબાર્ડ એ ભારતની સર્વોચ્ચ Development Financial Institution છે.
- ભારતના ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ તથા અન્ય આર્થિક ગતિવિધિઓ માટે ઋણ ઉપલબ્ધ કરાવવા નીતિઓ ઘડવી તથા એ અંગે યોજનાઓ બનાવવી અને તેનું સંચાલન કરવું એ નાબાર્ડનું મુખ્ય કાર્ય છે.
- નાબાર્ડ એ Developmental Financial Institution (DFI)નું Status ધરાવતી ભારતની એકમાત્ર સંસ્થા છે.
- શ્રી બી. સિવરામન સમિતિની ભલામણને આધારે ભારતમાં નાબાર્ડની સ્થાપના થઈ હતી.
- ભારતમાં 'નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ એક્ટ 1981' લાગુ કરવા માટે સંસદના એક અધિનિયમ દ્વારા નાબાર્ડની સ્થાપના થઈ હતી. આથી, નાબાર્ડ એ ગેરસંવૈધાનિક – વૈધાનિક સંસ્થા છે.

## સંવૈધાનિક, ગેરસંવૈધાનિક-કારોબારી અને ગેરસંવૈધાનિક-વૈધાનિક સંસ્થા વચ્ચેનો તફાવત

| ક્રમ | સંસ્થા | સમજૂતી |
|---|---|---|
| 1 | સંવૈધાનિક | બંધારણના કોઈ અનુચ્છેદ દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા |
| 2 | ગેરસંવૈધાનિક–વૈધાનિક | સંસદના કોઈ અધિનિયમ દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા |
| 3 | ગેરસંવૈધાનિક–કારોબારી | કેન્દ્ર સરકાર દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા કે જેના માટે કોઈ કાયદાની જરૂર નથી. |

## Group of Friends

શાંતિ રક્ષકો સામેના ગુનાઓ માટે જવાબદારીને પ્રોત્સાહન આપવા માટે ભારતે તાજેતરમાં 'Group of Friends' શરૂ કર્યુ છે.

- તે 'યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ'(UNSC)ના ભારતના અધ્યક્ષપદ દરમિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.

### Group of Friends

'Group of Friends to Promote Accountability for Crimes Against Peacekeepers' એક અનૌપચારિક મંચ છે જે સંયુક્ત રાષ્ટ્રના શાંતિ સૈનિકો (પીસકીપર્સ)ની સામેના તમામ હિંસાના કૃત્યો માટે જવાબદારીને પ્રોત્સાહન આપવા માટે કામ કરશે.

- તે આવા ગુનાઓને રોકવા અને તેના નિવારણ માટે યજમાન રાજ્યોના સત્તાવાળાઓને ક્ષમતા નિર્માણ અને તકનીકી સહાય પૂરી પાડવા માંગે છે.
- તેના સહ–અધ્યક્ષ ભારત, નેપાળ, બાંગ્લાદેશ, ઈજિપ્ત, ફ્રાન્સ અને મોરક્કો છે.
- આ અનૌપચારિક મંચ માહિતીની આપ–લે કરવા, શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવા અને શાંતિ રક્ષકો સામે આચરવામાં આવેલા ગુનાઓ માટે જવાબદારીની સુવિધા આપવા માટે સંસાધનો એકત્ર કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે.
- તે ફોરમ સેક્રેટરી–જનરલ સાથે સક્રિયપણે માહિતી શેર કરશે અને પીસકીપિંગ ઓપરેશન્સનું આયોજન કરી રહેલા સભ્ય દેશોને મદદ કરશે અથવા ગુનેગારોને ન્યાય સુધી પહોંચાડવામાં મદદ કરશે.
- દર વર્ષે તેના સભ્યોની 2 બેઠકો યોજાશે અને દર વર્ષે સ્થાયી મિશન અને અન્ય હિસ્સેદારોનો સમાવેશ કરીને એક કાર્યક્રમનું આયોજન કરશે.

### આ જૂથ શા માટે બનાવવામાં આવ્યું છે ?

'Group of Friends'નો હિસ્સો UNSC ઠરાવ 2589ની જોગવાઈઓના અમલીકરણમાં સામેલ દેશો છે, જેને ઓગસ્ટ 2021માં ભારતની UNSC અધ્યક્ષતા હેઠળ અપનાવવામાં આવ્યો હતો.

- ઠરાવ 2589 યુએન પીસકીપિંગ ઓપરેશન્સનું આયોજન કરતા દેશોને તેમની અટકાયત અને અપહરણ સહિત યુ.એન. કર્મચારીઓ વિરુદ્ધ હિંસાના તમામ કૃત્યોના ગુનેગારોને ન્યાયમાં લાવવા માટે જરૂરી પગલા લેવા હાકલ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની અસ્થાયી યાદીમાં ત્રણ સાઈટનો સમાવેશ

તાજેતરમાં UNESCOએ ભારતના ત્રણ સ્થળોને 'વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ'ની અસ્થાયી યાદી અથવા કામચલાઉ યાદીમાં સ્થાન આપ્યું છે.

- આ ત્રણ સ્થળો આ મુજબ છે :

(1) વડનગર શહેર (ગુજરાત)

(2) મોઢેરાનું સૂર્યમંદિર (ગુજરાત)

(3) ત્રીપુરામાં ઉનાકોટી ખડકોમાં કંડરાયેલી શિલ્પવાળી મૂર્તિઓ

### વડનગર



ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતુ શહેર વડનગર ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લામાં આવેલું છે.

- વડનગરના જૂના નામોમાં 'સુંદરપુર', 'મદનપુર', 'વૃદ્ધનગર', 'ચમત્કારપુર', 'અનંતપુર', 'આનંદપુર, અને આનર્તપુરનો સમાવેશ થાય છે.
- વડનગર નાગર બ્રાહ્મણોનું મૂળવતન ગણાય છે.
- વડનગરમાંથી એક સમયે હાટકી નદી વહેતી હતી પરંતુ હવે તે લુપ્ત થઈ ગઈ છે પરંતુ આજે પણ હાટકી નદીના કિનારે આવેલું નાગર બ્રાહ્મણોના કુળદેવતા હાટકેશ્વર મહાદેવનું મંદિર જોવા મળે છે.
- મલ્હારરાગની જાણકારી ધરાવતી બહેનો તાના અને રીરીની સમાધિ વડનગરમાં આવેલી છે. જ્યા દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા ''તાના–રીરી' સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.
- વડનગરમાં યોજવામાં આવતા તાના–રીરી મહોત્સવમાં જાણીતા સંગીતકારો ભાગ લે છે અને તેમાં વિજેતાને તાના–રીરી સંગીત એવોર્ડ આપવામાં આવે છે. (પ્રથમ તાના–રીરી એવોર્ડ જીતનાર વ્યક્તિ લતા મંગેશકર હતા)
- વડનગરની સૌથી મહત્વની ઓળખાણ અહીં આવેલ કીર્તિતોરણ છે.
- વડનગરમાં છ દરવાજા આવેલા છે જેમાં અર્જુનબારી દરવાજામાં આવેલા શિલાલેખમાં વડનગરની ભવ્યતા અને સમૃધ્ધિની માહિતી આપવામાં આવી છે.
- શર્મિષ્ઠા તળાવ અને શામળશાની ચોરી વડનગરમાં છે.
- ચિની યાત્રાળુ હયુ–એન–ત્સાંગે પોતાના ગુજરાત પ્રવાસ દરમિયાન વડનગરની મુલાકાત લીધી હતી.

INSTITUTE FOR COMPETITIVE

- વડનગરમાં ગૌરીકુંડ આવેલો છે.
- વડનગરને ગુજરાતનું સૌથી જુનુ અને અત્યારે પણ અસ્તિત્વમાં હોય તેવુ હયાતનગર માનવામાં આવે છે.
- ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જન્મસ્થળ વડનગર છે.

## મોઢેરાનું સૂર્યમંદિર

- મોઢેરાનું સૂર્યમંદિર મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના મોઢેરા ગામે આવેલ છે.



- ઈ.સ. 1026 - 27માં **ભીમદેવ પહેલા**એ મોઢેરાના સૂર્યમંદિરનું નિર્માણ **પુષ્પાવતી નદી**ના કિનારે કરાવ્યું હતું.
- મોઢેરાના સૂર્યમંદિરમાં ત્રણ વિભાગો છે:
  (1) ગર્ભગૃહ, (2) અંતરાલ, (3) સભામંડપ
- મોઢેરાના સૂર્યમંદિરનું નકશી કામ **ઈરાની** શૈલીમાં થયેલું છે.
- મોઢેરાના સૂર્યમંદિરનું પૂર્વ દિશામાં આવેલું પ્રવેશદ્વાર એવી રીતે રચાયેલું હતું કે સૂર્યનું કિરણ અંદર ગર્ભગૃહ સુધી રેલાયને સૂર્યની પ્રતિમાના મધ્યમાં રહેલ મણિ પર પડતા સમગ્ર મંદિરનું ગર્ભ ગૃહ પ્રકાશથી ઝળહળી ઉઠતું.
- મોઢેરાના સૂર્યમંદિરની બહારના જળકુંડની ચારેબાજુ નાના – નાના કુલ 108 મંદિર આવેલા છે.
- મોઢેરાના સૂર્યમંદિરમાં સૂર્યની **12** વિવિધ મૂર્તિઓ અંકિત થયેલ છે.
- મોઢેરામાં દર વર્ષે **જાન્યુઆરી માસ**માં ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઉનાકોટી પથ્થરની કાપેલી મૂર્તિઓ



તે એક શૈવ તીર્થસ્થાન છે જે 7મી કે 9મી સદીનું છે.

- ઉનાકોટીનો અર્થ એક કરોડથી એક ઓછો છે.
- એવું કહેવાય છે કે અહીં કુલ 99 લાખ 99 હજાર 999 પથ્થરની મૂર્તિઓ છે, જેના રહસ્યો આજ સુધી ઉકેલાયા નથી.
- તે ત્રિપુરાની રાજધાની અગરતલાથી લગભગ 145 કિમી દૂર આવેલું છે.
- પૌરાણિક કથાઓ અનુસાર જ્યારે ભગવાન શિવ એક કરોડ દેવતાઓ સાથે કાશી જઈ રહ્યા હતા ત્યારે આ સ્થાન પર રાત્રિ આરામ કર્યો હતો.
- ભગવાન શિવએ બધા દેવી–દેવતાઓને સૂર્યદય પહેલા જાગીને કાશી જવા માટે કહ્યું હતું.

- પરંતુ સૂર્યદય સમયે ભગવાન શિવ જ જાગી શક્યા હતા અને અન્ય તમામ દેવતાઓ સુતા હતા.
- આ જોઈને ભગવાન શિવ ક્રોધિત થઈ ગયા અને બધા દેવતાઓને શ્રાપ આપીને તેમને પથ્થર બનાવી દીધા.
- પરિણામે ઉનાકોટીમાં 99,99,999 પથ્થરની શિલ્પો અને કોતરણીઓ છે.
- ઉનાકોટી ખાતે મળેલા ચિત્રો બે પ્રકારના હોય છે : ખડકને કોતરીને બનાવેલ નકિશદાર ચિત્ર અને પથ્થરથી બનેલ ચિત્ર.
- ખડકને કોતરીને બનાવેલા ચીત્રોમાં વચ્ચે ભગવાન શિવનું મસ્તક અને ભગવાન ગણેશની વિશાળ આકૃતિઓ નોંધપાત્ર છે.
- ભગવાન શિવનું મસ્તક '<u>ઉનાકોટેશ્વર કાલભૈરવ</u>' તરીકે ઓળખાય છે.
- અહીં '<u>અશોકષ્ટમી મેળા</u>' તરીકે ઓળખાતો ભવ્ય મેળો દર વર્ષે એપ્રિલ મહિનામાં યોજાય છે, જેમાં હજારો શ્રદ્ધાળુ ભાગ લે છે.

## યુનેસ્કોની કામચલાઉ યાદી

યુનેસ્કોની કામચલાઉ યાદી એ મિલકતોની યાદી છે જે દરેક પક્ષ નામાંકન માટે ધ્યાનમાં લેવા ઈચ્છે છે.

- યુનેસ્કોની ઓપરેશનલ્સ ગાઈડલાઈન્સ, 2019 મુજબ કોઈપણ સ્મારક/સાઈટને વર્લ્ડ હેરિટેજ સાઈટની યાદીમાં તેનો અંતિમ સમાવેશ થાય તે પહેલા એક વર્ષ સુધી તેની કામચલાઉ યાદીમાં રાખવું ફરજિયાત છે.
- તેમાં નોમિનેશન થયા બાદ તેને હેરિટેજ સેન્ટરમાં મોકલવામાં આવે છે.
- આ ત્રણ સ્થળનો સમાવેશ થતા હવે ભારત પાસે યુનેસ્કોની કામચલાઉ સૂચિમાં <u>52 સાઈટ્સ</u>નો સમાવેશ થઈ ચૂક્યો છે.

**નોંધ:** (1) ભારતમાં વર્તમાન કુલ <u>40 વર્લ્ડ હેરિટેજ સાઈટ</u> છે. જેમાં <u>32</u> સાંસ્કૃતિક, <u>7</u> કુદરતી અને <u>1</u> મિશ્ર સાઈટનો સમાવેશ થાય છે.

(2) UNESCOનું પૂરું નામ '<u>United Nations Education, Scientific and Cultural Organization</u>' છે.

(3) તેનું વડું મથક ફ્રાન્સના <u>પેરિસ</u>માં આવેલું છે તથા વિશ્વભરમાં 50થી વધુ પ્રાદેશિક કચેરીઓ ધરાવે છે.

TARGET તલાટી, જુ ક્લાર્ક ₹999 ONLY 3 MONTH VALIDITY

1. ભારતમાં કયો દિવસ 'કિસાન દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 21 ડિસેમ્બર (B) 22 ડિસેમ્બર (C) 23 ડિસેમ્બર (D) 24 ડિસેમ્બર (C)

2. ભારતમાં કોનો જન્મદિન 'કિસાન દિન' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી અટલ બિહારી વાજપેઈ (B) શ્રી જયપ્રકાશ નારાયણ

(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી ચૌધરી ચરણસિંહ (D)

3. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રના શાંતિ રક્ષકો સામેના ગુનાઓ માટે જવાબદારીને પ્રોત્સાહન આપવા માટે કયા દેશે 'Group of Friends' શરૂ કર્યુ છે ?

(A) ભારત (B) ઓસ્ટ્રેલિયા (C) યુક્રેન (D) ચીન (A)

4. ડિસેમ્બર 2022માં UNESCOએ ભારતના કયા સ્થળને 'વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ'ની અસ્થાયી યાદી અથવા કામચલાઉ યાદીમાં સ્થાન આપ્યું છે ?

(A) વડનગર શહેર (ગુજરાત)

(B) મોઢેરાનું સૂર્યમંદિર (ગુજરાત)

(C) ત્રીપુરામાં ઉનાકોટી ખડકોમાં કંડરાયેલી શિલ્પવાળી મૂર્તિઓ

(D) ઉપરોક્ત તમામને (D)

5. મોઢેરાનું સૂર્યમંદિર કઈ નદીના કિનારે આવેલું છે ?

(A) મેશ્વો (B) પુષ્પાવતી (C) વાત્રક (D) મહી (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગ્રાહક દિન (National Consumer Day)

ભારતમાં દર વર્ષે 24 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' તરીકે ઉજવાય છે.




- ભારતમાં Consumer Protection Act, 1986 (અથવા તો ગ્રાહક સુરક્ષા એક્ટ, 1986)ના અમલને ભારતની ગ્રાહક સુરક્ષા ચળવળમાં ઐતિહાસિક સિમાચિહ્ન માનવામાં આવે છે.
- ભારતમાં ગ્રાહક સુરક્ષા એક્ટ, 1986ને રાષ્ટ્રપતિ દ્વારા 24 ડિસેમ્બર, 1986ના રોજ મંજૂરી આપવામાં આવી હતી.
- આથી આ એક્ટને 24 ડિસેમ્બરના રોજ મંજૂરી મળી હોવાથી ભારતમાં 24 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' તરીકે ઉજવાય છે.
- વર્ષ 2022ની 'રાષ્ટ્રીય ગ્રાહક દિવસ'ની થીમ 'Fair Digital Finance' છે.

નોંધ : (1) રાષ્ટ્રીય ગ્રાહક દિનને 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ' (National Consumer Right Day) તરીકે પણ ઉજવાય છે.

(2) ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' 24 ડિસેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ ગ્રાહક દિવસ' 15 માર્ચના રોજ ઉજવાય છે.

## સુશ્રી અંતિમ પંઘલને 'યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર'થી સન્માન આપવામાં આવ્યું

તાજેતરમાં ભારતીય મહિલા કુસ્તીબાજ સુશ્રી અંતિમ પંઘલને 'યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર' સન્માન માટે નામાંકિત કરવામાં આવ્યા છે.




- પુરસ્કાર માટે પસંદ કરાયેલી અન્ય પાંચ મહિલાઓમાં જાપાનની નોનોકા ઓઝાકી, અમેરિકાની અમીટ એલોર, સ્વીડનની એમ્મા માલમગ્રેન અને રોમાનિયાની એન્ડ્રી અનાનો સમાવેશ થાય છે.
- સુશ્રી અંતિમ પંઘલે ઓગસ્ટ 2022માં વર્લ્ડ અન્ડર ટવેન્ટી કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારત માટે પ્રથમ સૂવર્ણચંદ્રક જીતી ઈતિહાસ રચ્યો હતો.
- સુશ્રી અંતિમ પંઘલ હરિયાણાના હિસાર જિલ્લાના ભગાના ગામના રહેવાસી છે.

## Kalyani Ferresta : ભારતની પ્રથમગ્રીન સ્ટીલ બ્રાન્ડ

ભારત સ્થિત કલ્યાણી ગ્રુપે 'કલ્યાણી ફેરેસ્ટા (Kalyani Ferresta) નામની ભારતની પ્રથમ 'ગ્રીન સ્ટીલ બ્રાન્ડ' લોન્ચ કરી છે.

- તેનું લોન્ચિંગ કેન્દ્રીય સ્ટીલ મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ નવી દિલ્હી ખાતેથી કર્યુ હતું.

### ગ્રીન સ્ટીલ શું છે ?

જ્યારે અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ કર્યા વિના સ્ટીલનું ઉત્પાદન કરવામાં આવે છે ત્યારે તેને ગ્રીન સ્ટીલ તરીકે ઓળખવામાં આવે છે.

- તે પરંપરાગત કાર્બન–સઘન ઉત્પાદન માર્ગને બદલે હાઈડ્રોજન, વીજળી અથવા કોલસાના ગેસિફિકેશન જેવા ઓછા કાર્બન ઊર્જા સ્ત્રોતનો ઉપયોગ કરીને ઉત્પાદિત થાય છે.
- ગ્રીન ઉત્પાદન કરનાર સ્વીડન પ્રથમ દેશ હતો. તે HYBRIT ટેક્નોલોજી દ્વારા વિકસાવવામાં આવી હતી.

### કલ્યાણી ફેરેસ્ટા શું છે ?

'કલ્યાણી ફેરેસ્ટા બ્રાન્ડ સ્ટીલ' પૂણે સ્થિત સ્ટીલ કંપની કલ્યાણી ગ્રુપ દ્વારા ઉત્પાદિત તેના પ્રકારનું પ્રથમ સ્ટીલ છે.

- તે પર્યાવરણમાં શૂન્ય કાર્બન ફૂટપ્રિન્ટ લાવવા માટે નવીનીકરણીય ઊર્જા સંસાધનોનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે.
- ફેરેસ્ટા–બ્રાન્ડેડ સ્ટીલનો 70 ટકા સુધીનો સ્ક્રેપ રિન્યુએબલ એનર્જી સ્ત્રોત દ્વારા સંચાલિત ઈલેક્ટ્રિકમ આર્ક પર ઓગળે છે.
- નવી પદ્ધતિ દ્વારા કંપની કુલ 76,484 કાર્બન ડાયોક્સાઈડ ($tCo_2$) ઉત્સર્જનને દૂર કરવામાં, પાણીના વપરાશમાં 10 ટકા ઘટાડો કરવામાં અને તેના 99.4 ટકા કચરાને રિસાયકલ કરવામાં સક્ષમ હતી.

સફળતાની સંપૂર્ણ તૈયારી વનરક્ષક (બીટ ગાર્ડ) 50% DISCOUNT ₹2,500/- 1 YEAR VALIDITY ₹1,500/- 6 MONTH VALIDITY

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ નવી ભરતીઓ માટેની વિશેષ બેચ જનરલ બેચ ફ્રી ટ્રાયલ લેક્ચર OFFLINE ગાંધીનગર 81407-01110 રજિસ્ટ્રેશન ફરજિયાત

**1.** ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' અથવા તો 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ડિસેમ્બર (B) 23 ડિસેમ્બર (C) 24 ડિસેમ્બર (D) 25 ડિસેમ્બર **(C)**

**2.** 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિન' ક્યારે ઉજવાય છે ?

(A) 24 ડિસેમ્બર (B) 25 ડિસેમ્બર (C) 15 જુલાઈ (D) 15 માર્ચ **(D)**

**3.** 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' 2022ની થીમ શું છે ?

(A) Tackling Plastic Pollution

(B) Alternate Consumer Grievance/Dispute Redressal

(C) Sustainable Consumer

(D) Fair Digital Finance **(D)**

**4.** તાજેતરમાં કયા ભારતીય મહિલા કુસ્તીબાજ 'યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર' સન્માન માટે નામાંકિત થયા છે ?

(A) સુશ્રી અંતિમ પંઘલ (B) સુશ્રી કવિતા દેવી

(C) સુશ્રી પૂજા ગેહલોત (D) સુશ્રી સોનમ મલિક **(A)**

**5.** તાજેતરમાં કલ્યાણી ગ્રુપે _____ નામની ભારતની પ્રથમ 'ગ્રીન સ્ટીલ બ્રાન્ડ' લોન્ચ કરી છે.

(A) Kalyani Amega (B) Kalyani Cleen

(C) Kalyani ferresta (D) Kalyani Yuva **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

- **ગુજરાતમાં રહેતા અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશના લઘુમતીઓને નાગરિકતા આપવામાં આવશે.**

  કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તાજેતરમાં ગુજરાતના આણંદ અને મહેસાણા જિલ્લામાં રહેતા અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના ધાર્મિક લઘુમતીઓને નાગરિકતા આપવાના આદેશની સૂચના આપી હતી. ગૃહમંત્રાલયની સૂચના ગુજરાતના આણંદ અને મહેસાણા જિલ્લામાં રહેતા અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તીઓને નાગરિકતા આપે છે. આ આદેશ જિલ્લા કલેક્ટરને નાગરિકતા અધિનિયમ, 1955 હેઠળ આ લઘુમતીઓને નાગરિકતા આપવાનો અધિકાર આપે છે.

## ભારત

- **વિશ્વ બેન્કે જેન્ડર ટૂલકીટ લોન્ચ કરી**

  વિશ્વ બેંક અને ચેન્નાઈ અર્બન મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી દ્વારા આયોજિત સત્રમાં 'ભારતમાં જેન્ડર રિસ્પોન્સિવ અર્બન મોબિલિટી એન્ડ પબ્લિક સ્પેસને સક્ષમ કરવા પર ટૂલકિટ' લોન્ચ કરવામાં આવી હતી. આ ટૂલકિટમાં વ્યાવહારુ સાધનો છે જે નીતિ નિર્માતાઓ અને ખાનગી અથવા સમુદાય આધારિત સંસ્થાઓને ભારતમાં મહિલાઓ માટે સુરક્ષિત અને સમાવિષ્ટ જાહેર જગ્યાઓ અને જાહેર પરિવહનની ખાતરી કરવામાં મદદ કરી શકે છે. વિશ્વ બેંક ટૂલકીટનો હેતુ શહેરી ગતિશીલતા અને લિંગને સમાવિષ્ટ બનાવવાનો છે. આ ઉપરાંત તેનો હેતુ ભારતીય શહેરોને જાહેર પરિવહન અને શહેરી જગ્યાઓ ડિઝાઈન કરવામાં માર્ગદર્શન આપવાનો છે.

- **મિસિસ વર્લ્ડ : સુશ્રી સરગમ કૌશલ**

  જમ્મુ–કાશ્મીરની સુશ્રી સરગમ કૌશલે મિસિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો છે. 21 વર્ષ બાદ કોઈ ભારતીય સુંદરીએ આ ખિતાબ જીત્યો છે. સ્પર્ધામાં કુલ 63 દેશની સુંદરીઓએ ભાગ લીધો હતો. મિસિસ વર્લ્ડના ખિતાબ માટેની જ્યૂરી પેનલમાં સોહા અલી ખાન, વિવેક ઓબેરોય અને મોહમ્મદ અઝરુદ્દીન પણ સામેલ હતા. વર્ષ 2001માં ડો. અદિતિ ગોવિત્રીકરે મિસિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો હતો. તે આ ખિતાબ જીતનારી પ્રથમ ભારતીય મહિલા હતી.

- **ભારતમાં 2040 સુધીમાં નવીન કૂલિંગ ટેક્નોલોજી**

વર્લ્ડ બેંક ગ્રુપ દ્વારા બહાર પાડવામાં આવેલ 'ક્લાઈમેટ ઈન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનિટીઝ ઈન ઈન્ડિયા કુલિંગ સેક્ટર' રિપોર્ટ અનુસાર ઓછી કાર્બન–સઘન ટેક્નોલોજી દ્વારા ભારતના કુલિંગ સેક્ટરમાં રોકાણની તકો 1.6 ટ્રિલિયન યુએસ ડોલર સુધી ઉમેરી શકે છે. રિપોર્ટમાં 2019માં શરૂ કરાયેલ ઈન્ડિયા કૂલિંગ એક્શન પ્લાન (ICAP)નું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અહેવાલમાં એર કન્ડીશનીંગના ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું નથી. કારણ કે વર્તમાનમાં લગભગ 8% ભારતીયોની સરખામણીએ વર્ષ 2040 સુધીમાં માત્ર 40% ભારતીયો પાસે એર કંડિશનર હશે અને માંગને પહોંચી વળવા માટે નિષ્ક્રિય કૂલિંગ ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. દેશમાં લગભગ 34 મિલિયન લોકો ગરમીના તાણ અને પરિણામે ઉત્પાદકતાના નુકસાનના કારણે તેમની નોકરી ગુમાવી શકે છે.

- **ભગવાન નટરાજ**

તાજેતરમાં તમિલનાડુ પોલીસે બ્રોન્ઝ(કાંસ્ય) નટરાજની મૂર્તિની હરાજી કરવાની ફ્રેન્સ સરકારની યોજનાને સફળતાપૂર્વક અટકાવી દીધી હતી. નોંધનીય છે કે આ કાંસાની મૂર્તિ પચાસ વર્ષ પહેલા થુથુકુડી જિલ્લાના કાયથરમાંથી ચોરાઈ હોવાનું માનવામાં આવે છે. ભગવાન શિવના અનેક સ્વરૂપમાંનું એક જેમાં ભગવાન શિવ નર્તક રૂપે હોવાથી તે નટરાજ કહેવાય છે. ઘણા શૈવ મંદિરોમાં ખાસ કરીને દક્ષિણ ભારતમાં ધાતુ અથવા પથ્થરની શિલ્પોના રૂપમાં જોવા મળે છે. ચોલ શિલ્પની આ એક મહત્વપૂર્ણ રચના છે. ભગવાન નટરાજના ઉપરના જમણા હાથમાં ડમરૂ છે, જે સૃષ્ટિના ધ્વનીનું પ્રતીક છે. બધી જ રચનાઓ ડમરૂના મહાન અવાજમાંથી જ નીકળે છે. ઉપલા ડાબા હાથમાં શાશ્વત અગ્નિ છે, જે વિનાશનું પ્રતિક છે. વિનાશ એ સર્જનનો પુરોગામી અને અનિવાર્ય પેટર્ન છે. નીચેનો જમણો હાથ અભય મુદ્રામાં છે જે આશીર્વાદનું પ્રતીક છે અને ભક્તને ભયભીત ન થવાની ખાતરી આપે છે. નીચેનો ડાબો પગ ઊંચા પગ તરફ નિર્દેશ કરે છે અને મુક્તીનો માર્ગ સૂચવે છે. ભગવાન શિવના વાળમાંથી વહેતી નદીઓ ગંગા નદીના પ્રવાહનું પ્રતિનિધિત્વ કરે છે. ભગવાન શિવના એક કાનમાં પુરુષ આભુષણ અને બીજા કાનમાં સ્ત્રી આભુષણ છે. તે નર અને માદાના સંમિશ્રણનું પ્રતિનિધિત્વ કરે છે. અને તેને અર્ધનારીશ્વર તરીકે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **કેરળ યુનિવર્સિટી કાયદા (સુધારો) બિલ**

તાજેતરમાં કેરળ વિધાનસભાએ રાજ્યની યુનિવર્સિટીઓના શાસનને લગતા કાયદાઓમાં સુધારો કરવા અને રાજ્યપાલને ચાન્સેલરના પદ પરથી દૂર કરવા માટે યુનિવર્સિટી કાયદા (સુધારા) બિલ પસાર કર્યું હતું. કેરળના રાજ્યપાલ અને રાજ્ય સરકાર વચ્ચે મહિનાઓ સુધી ઝગડો ચાલતો હતો. આ પ્રસ્તાવિત કાયદો કેરળમાં કાયદાકીય અધિનિયમો દ્વારા સ્થાપિત 14 યુનિવર્સિટીઓના કાયદામાં સુધારો કરશે અને રાજ્યપાલને તે યુનિવર્સિટીઓના ચાન્સેલર પદ પરથી હટાવી દેશે. આ વિધેયક સરકારને રાજ્યપાલની જગ્યાએ વિવિધ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલર તરીકે પ્રતિષ્ઠિત શિક્ષણવિદોની નિમણૂક કરવા માટે અધિકૃત કરશે આમ યુનિવર્સિટી વહીવટમાં રાજ્યપાલની દેખરેખની ભૂમિકાનો અંત આવશે. આ વિધેયકમાં નિયુક્ત કુલપતિનો કાર્યકાળ પાંચ વર્ષ સુધી મર્યાદિત કરવાની જોગવાઈ પણ છે જોકે તે એમ પણ જણાવે છે કે સર્વિંગ ચાન્સેલરની બીજી ટર્મ માટે નિમણૂક કરી શકાય છે.

- **બરછટ અનાજ ખાદ્ય ઉત્સવ (જાડુ અનાજ અથવા મોટુ અનાજ)**

બરછટ અનાજના મહત્વ અંગે જાગૃતિ વધારવા માટે કૃષિ મંત્રાલય 20 ડિસેમ્બર, 2022ના રોજ સંસદના સભ્યો માટે બરછટ અનાજ ખાદ્ય ઉત્સવનું આયોજન કરી રહ્યુ છે. વિશ્વની વસ્તીમાં અત્યાર સુધીના સૌથી મોટા વધારાને ધ્યાનમાં રાખીને વૈશ્વિક કૃષિ–ખાદ્ય પ્રણાલી પડકારોનો સામનો કરી રહી છે. આવી સ્થિતિમાં બરછટ અનાજ એક સસ્તો અને પૌષ્ટિક વિકલ્પ છે. નોંધનીય છે કે સંયુક્ત રાષ્ટ્રએ આંતરરાષ્ટ્રીય બરછટ અનાજ વર્ષ તરીકે 2023ને જાહેર કરવા ઠરાવ પસાર કર્યો હતો. જુવાર, બાજરી, કોડો, પ્રોસો, કુટકી, રાગી, જવ વગેરેને સામૂહિક રીતે બરછટ અનાજ તરીકે ઓળખવામાં આવે છે.

## વિશ્વ

- **વાસેનાર એરેજમેન્ટ**

તાજેતરમાં આયર્લેન્ડના વિયેનામાં વાસેનાર એરેન્જમેન્ટની 26મી વાર્ષિક પૂર્ણ બેઠક ભારતને સોંપવામાં આવી હતી અને 1 જાન્યુઆરી 2023થી તેનું સત્તાવાર રીતે અધ્યક્ષપદ સંભાળશે. વાસેનાર એરેજમેન્ટ એ સ્વૈચ્છિક નિયંત્રણ વ્યવસ્થા છે. જુલાઈ 1996માં ઔપચારિક રીતે સ્થપાયેલી આ વ્યવસ્થામાં 42 સભ્યો છે જે પરંપરાગત શસ્ત્રો અને બેવડા–ઉપયોગના માલસામાન અને ટેક્નોલોજી ટ્રાન્સફર અંગેની માહિતીની આપ–લે કરે છે. વાસેનાર એરેજમેન્ટનું સચિવાલય ઓસ્ટ્રિયાના વિયેનામાં છે. તેમાં 42 સભ્ય દેશો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પ્રથમ વૈશ્વિક હાઈડ્રોગ્રાફિક ઉપગ્રહ**

**તાજેતરમાં NASAની આગેવાની હેઠળના આંતરરાષ્ટ્રીય ઉપગ્રહ ફોર સરફેસ વોટર એન્ડ ઓશન ટોપોગ્રાફી (SWOT)ને દક્ષિણ કેલિફોર્નિયામાંથી SpaceX ફાલ્કન 9 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો છે. આ ઉપગ્રહ અવકાશમાંથી પૃથ્વીની તાજા પાણીની વ્યવસ્થાનું પ્રથમ વૈશ્વિક સર્વેક્ષણ કરશે. SWOT એ એક અદ્યતન રડાર ઉપગ્રહ છે જેનો હેતુ વૈજ્ઞાનિકોને મહાસાગરો પરની માહિતી અને આબોહવા પરિવર્તનની અસરોને સમજવામાં મદદ કરવાનો છે. રોકેટના પેલોડ SWOTમાં વિશ્વના મહાસાગરો, સરોવરો, જળાશયો અને નદીઓના 90% કરતા વધુના ઉચ્ચ–ગુણવત્તાના માપને એકત્રિત કરવા માટે અદ્યતન માઈક્રોવેવ રડાર તકનીકનો સમાવેશ થાય છે.**

## ICE ? Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ગુજરાતના કયા બે જિલ્લામાં રહેતા અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના ધાર્મિક લઘુમતીઓને નાગરિકતા આપવાના આદેશની સૂચના આપી હતી ?

– આણંદ, મહેસાણા

➤ વિશ્વ બેંક અને _____ દ્વારા આયોજિત સત્રમાં 'જેન્ડર ટુલકીટ' લોન્ચ કરી હતી.

– ચેન્નાઈ અર્બન મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી

➤ તાજેતરમાં આયર્લેન્ડના વિયેનામાં વાસેનાર એરેજમેન્ટની 26મી વાર્ષિક બેઠક _____ દેશને સોંપવામાં આવી હતી.

– ભારત

➤ તાજેતરમાં _____ રાજ્યની પોલીસે ભગવાન નટરાજની મૂર્તિની હરાજી કરવાની ફ્રેન્સ સરકારની યોજનાને સફળતાપૂર્વક અટકાવી દીધી હતી.

– તમિલનાડુ

➤ તાજેતરમાં કઈ સ્પેસ એજન્સી દ્વારા SWOT ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો ?

– NASA

➤ તાજેતરમાં કઈ રાજ્યની વિધાનસભાએ યુનિવર્સિટી શાસનને લગતા કાયદા અને રાજ્યપાલને ચાન્સેલરના પદ પરથી દૂર કરવા માટે યુનિવર્સિટી કાયદા (સુધારા) બિલ પસાર કર્યુ હતું ?

– કેરળ

➤ તાજેતરમાં કોણે મિસિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો છે ?

– સુશ્રી સરગમ કૌશલ

1. તાજેતરમાં ચર્ચામાં રહેલ બિન્ટૂરોંગ શું છે ? – રીંછ બિલાડી

(બિન્ટુરોંગ જેને રીંછ બિલાડી અથવા બિલાડી રીંછ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે દક્ષિણપૂર્વ એશિયાના ગાઢ જંગલોમાં જોવા મળતા સિવેટ પરિવાર (વિવેરીડે)નું બિલાડીનું સર્વભક્ષી પ્રાણી છે. તે લાંબા વિખરાયેલા વાળ, ગુચ્છદાર કાન અને લાંબી પૂંછડી ધરાવે છે.)

2. તાજેતરમાં _____ એ સ્કિલ ઈન્ડિયા મિશન હેઠળ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એપ્રેન્ટિસશિપ મેળા (PMNAM)નું આયોજન કર્યુ હતું. – કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય (MSDE)

3. જૈવ વિવિધતા પર સંમેલન (CBD) માટે કોન્ફરન્સ ઓફ ધ પાર્ટીઝ (COP15) દ્વારા કઈ ભારતીય પહેલને માન્યતા આપવામાં આવી છે ? – નમામી ગંગે

4. કયા દેશે 'Surface Water and Ocean Topography' (SWOT) અંતરીક્ષ યાન' લોન્ચ કર્યુ છે ? – અમેરિકા

5. ભારતીય મૂળના નેતા લીઓ વરાડકર કયા દેશના વડાપ્રધાન તરીકે ચૂંટાયા છે ? – આયર્લેન્ડ

6. ICMR - NARFBR (બાયોમેડિકલ સંશોધન માટે નેશનલ એનિમલ રિસોર્સ ફેસિલિટી)નું ઉદ્‌ઘાટન કયા શહેરમાં કરવામાં આવ્યું છે ? – હૈદરાબાદ

7. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રીએ _____ માં 25મી પૂર્વીય ક્ષેત્રીય પરિષદની બેઠકની અધ્યક્ષતા કરી હતી. – કલકતા

8. નવેમ્બર 2022માં સતત બીજા મહિને ભારતને ટોચના તેલ સપ્લાયર રહેવા માટે _____ એ પરંપરાગત વેચાણકર્તા ઈરાક અને સાઉદી અરેબિયાને પાછળ છોડી દીધુ છે. – રશિયા

9. કઈ સંસ્થાએ 'Coal 2022 : Analysis and Forecast to 2025' નામનો અહેવાલ બહાર પાડ્યો હતો ? – IEA

(આ અહેવાલ મુજબ વૈશ્વિક કોલસાની માંગ 2022માં સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી શકે છે. જે મુખ્યત્વે ભારત, યુરોપિયન યુનિયન અને ચીન દ્વારા અમુક અંશે કોલસાની શક્તિ વૃદ્ધિ દ્વારા સંચાલિત છે. 2022માં વૈશ્વિક કોલસાનો વપરાશ 1.2 ટકા વધી શકે છે.)

10. કયા કેન્દ્રીય મંત્રાલયે દેશનું પ્રથમ જામીન બોન્ડ વીમા ઉત્પાદન લોન્ચ કર્યુ છે ? – કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. શાંતિ રક્ષકો સામેના ગુનાઓ માટે જવાબદારીને પ્રોત્સાહન આપવા માટે કયા દેશે 'Group of Friends' શરૂ કર્યું છે ? – ભારત

12. કયા દેશે ભારતીય વીજળી બજારમાંથી વીજળી પૂરી પાડવા માટે PTC ઈન્ડિયા સાથે ભાગીદારી કરી છે ? – ભૂટાન

13. તાજેતરમાં રશિયન સરકારી ન્યુક્લિયર એનર્જી કોર્પોરેશન, રોસાટોમે ______ ન્યુક્લિયર પાવર પ્લાન્ટને વધુ અદ્યતન ઈંધણ વિકલ્પ પ્રદાન કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે ? – કુડનકુલમ

(કુંડનકુલમ ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ (KKNPP) ભારતના તમિલનાડુ રાજ્યમાં કુડનકુલમ ખાતે સ્થિત છે.)

14. તાજેતરમાં કઈ ભારતીય વ્યક્તિ 'મિસ ઈકો ટીન' ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે ? – સુશ્રી ચેરિશા ચંદા

15. પીએમ ગતિશક્તિ પોર્ટલનો પ્રભાવશાળી ઉપયોગ કરનાર ગુજરાતનો કયો જિલ્લો દેશનો પ્રથમ જિલ્લો બન્યો છે ? – રાજકોટ

16. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ધ વિલેજ ઓફ વોલીબોલ' ગામ સરખડી કયા તાલુકામાં આવેલ છે ? – કોડિનાર

17. કઈ સંસ્થાએ '2022 in Nine Charts' રિપોર્ટ બહાર પાડ્યો છે ? – વિશ્વ બેંક

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




# અવસર

# 50% DISCOUNT

TARGET

## તલાટી, જુ.ક્લાર્ક

₹999/- 3 MONTH VALIDITY

**FREE**
- E-Books (PDF)
- 500+ Video
- Mock Test

સફળતાની સંપૂર્ણ તૈયારી

## વનરક્ષક (બીટ ગાર્ડ)

₹2,500/- 1 YEAR VALIDITY

₹1,500/- 6 MONTH VALIDITY

**FREE**
- E-Books (PDF)
- 410+ Video
- Daily/Weekly Mock Test
- Reading Schedule

## TET 1 & 2

RECORDED BATCH

₹1,499/- 1 YEAR VALIDITY

₹999/- 6 MONTH VALIDITY

**FREE**
- E-Books (PDF)
- 500+ Video
- Daily/Weekly Mock Test
- Reading Schedule

## TET 1 & 2

LIVE BATCH

~~₹20,000/-~~ ₹9,999/- 1 YEAR VALIDITY

**FREE**
- All Subject Material & Books
- Lecture PDF
- Daily/Weekly Mock Test
- Reading Schedule

Google Play iceonline

93773-01110 (10:00am to 6:00pm)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT